**સુવિચાર**

ખેડૂતને ધરતી ઉપર, બાળકને માતા ઉપર વિશ્વાસ હોય છે તેમ આપણને સર્જનહાર ઉપર વિશ્વાસ હોવો જોઈએ.

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨–૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૮/૦૨/૨૦૨૫, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિૐ PENDAWALA
એકાદશી નિમિતે
ફરાળી પેટીસ
ફરાળી ખિચડી
આખો દિવસ ગરમા ગરમ મળશે
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૧ મહા સુદ–૧૧ વર્ષ : ૧૬ અંક : ૦૪૯

## સામાજિક કાર્યકર્તા નાથાલાલ સુખડીયાએ પોલીસ અધિક્ષકને અરજી આપી

# લ્યો બોલો : પૂર્વ સાંસદને લેટરકાંડમાં આરોપી બનાવવાની માંગ

### છેલ્લા સવા મહિનાથી ચર્ચાનાં ચકડોળે ચડેલ લેટરકાંડમાં નવો ફણગો ફૂટયો

### નાયબ દંડકને બદનામ કરવાનો પ્રયાસ કરવા બદલ પૂર્વ સાંસદને આરોપી બનાવો

### પૂર્વ સાંસદે ન્યુઝ ચેનલમાં આપેલ ઈન્ટરવ્યુથી સાબિત થાય છે કે તેઓની લેટરકાંડમાં ભૂમિકા છે

### ૧૫ વર્ષ સુધી સાંસદ રહેલ કદાવર નેતાને આરોપી બનાવવાની માંગ થતાં ચકચાર મચી

અમરેલી, તા. ૭

અમરેલીનાં સામાજિક કાર્યકર્તા નાથાલાલ સુખડીયાએ પોલીસ અધિક્ષકને લેખિત ફરિયાદ આપીને લેટરકાંડમાં આરોપી તરીકે પૂર્વ સાંસદ નારણ કાછડીયાનું નામ સામેલ કરવાની માંગ કરતાં આ બનાવમાં નવો વળાંક આવેલ છે.

પોલીસ અધિક્ષકને આપેલ લેખિત ફરિયાદમાં જણાવેલ છે કે, અમરેલી સીટી પોલીસ સ્ટેશનના ગુન્હા રજી. નં. ૧૧૧૯૩૦૦૩૨૪૦૮૩૮/૨૦૨૪થી બીએનએસની કલમ–૩૩૬ (૬), ૩૩૬ (૩), ૩૩૬ (૪), ૩૪૦ (૨), ૩૫૩ (૧) (બી), ૩૫૬ (આર), ૩૫૬ (૩), ૩૧૯ (૨) તથા આઈટી એકટની કલમ–૬૬ (ડી) અન્વયે ગુન્હો દાખલ થયેલ છે.

વધુમાં જણાવ્યું હતું કે, જેમાં મુખ્ય આરોપી મનિષભાઈ ચતુરભાઈ વઘાસીયા છે બાકીના તમામ આરોપીઓએ એકબીજાને મદદ કરી નાયબ દંડક કૌશિકભાઈ વેકરિયાને બદનામ કરવા માટે પ્રયાસ કરેલ છે.

વધુમાં જણાવ્યું હતું કે, જેમાં આરોપી નં. (૨) અને (૪) નાઓએ આરોપી નં. ૧ ને મદદ કરેલ છે તેવી જ રીતે આ કામે આરોપીએ તૈયાર કરેલ લેટરને આ કામે માજી સાંસદ નારણભાઈ કાછડીયાએ પોતે જાણતા હોવા છતાં આ લેટર અર્ધો વાંચેલ અને રાજયના પ્રભારી રત્નાકર તથા પ્રદેશ પ્રમુખ ભાજપનાં સી.આર. પાટીલ તથા ગુજરાતના

અનુસંધાન પાના ૬ ઉપર

## હવે રહેણાંક મકાનમાં પણ સાવચેત રહેવું પડે તેવું પણ બને

# આલેલે : બગસરામાં બેકાબુ બનેલ કાર પીકઅપ સ્ટેન્ડમાં ઘુસી જતાં અફડાતફડીનો માહોલ

### સદ્દનસીબે પીકઅપ સ્ટેન્ડમાં બેસેલ સૌનો બચાવ થયો હતો

બગસરા, તા. ૭

બગસરા–જેતપુર રોડ આવાસ પાસે પુરફાટ ઝડપે આવતી કાર બેકાબુ થતા આવાસના બસ સ્ટેન્ડની અંદર ઘૂસીને અંદર બેઠેલા લોકોનો ચમત્કારી બચાવો થયો હતો. તેમજ બાજુમાં બાઈકની માથે ચડી જતા સ્પ્લેન્ડર દબાઈ ગયું હતું અને આસપાસના લોકોનો ચમત્કારી બચાવ થયો હતો. આ જોવા માટે લોકોના ટોળેટોળા ઉમટી પડયા હતા.

મળતી માહિતી મુજબ બગસરા–જેતપુર રોડ આવાસ પાસે આવેલ બસ સ્ટેન્ડમાં રોડ ઉપરથી પૂરપાટ ઝડપે ફોરવ્હીલ ગાડી નંબર જી.જે.–૦૩જેએલ–૯૯૭૨ ફોરવ્હીલ ગાડીએ ઘોડી મારેલ સ્પ્લેન્ડર નં. જી.જે.–૧૪ બીબી ૭૮૧૫ ની સાથે ધડાકાભેર અથડાતા બસ સ્ટેન્ડ તથા મોટરસાયકલને નુકસાન થયેલ. જયારે ચલાવનાર ડ્રાઈવરનો ચમત્કારીક બચાવ થયો હતો તેમજ બસ સ્ટેન્ડની અંદર બેઠેલા લોકોનો પણ ચમત્કારીક બચાવ થયો હતો. આ જોવા માટે લોકોના ટોળેટોળા ઉમટી પડયા હતા પરંતુ પોલીસ તે ઘટનામાં ફરકી પણ ન હતી.



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

## મગફળીની બોરી સાથે ટ્રેકટરમાં હોય

# વડિયાનાં લુણીધાર ગામનાં ખેડૂત ઉપર બીમ પડતાં કમકમાટીભર્યુ મોત

### નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ

અમરેલી, તા. ૭

વડિયા તાલુકાના લુણીધાર ગામે રહેતા સંજયભાઈ પોપટભાઈ વેગડ નામના ૪૫ વર્ષિય ખેડુત ગતતા. ૬ના રોજ વહેલી સવારના સાડા છ વાગ્યે લુણીધાર ગામે રમેશભાઈ સરધારાના ઘરેથી માંડવી ભરીને ટ્રેકટર બહાર કાઢતા હતા. ત્યારે માંડવીની ગુણો દરવાજાના બીમને અડી જતા અકસ્માતે બીમ તેમની માથે પડતા સ્ટેરીંગ છાતીના ભાગે ડાબી બાજુ વાગી જતા ગંભીર ઈજા થતાં તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.







સારહિ યુથ કલબ ઓફ અમરેલી
દ્વારા સંચાલિત
સેવા સંગમરૂપી
લેબોરેટરીનો ચોથા વર્ષમાં પ્રવેશ
ત્રણ વર્ષમાં લેબોરેટરીનો લાભ લઈ ૧૭૪૩૩ લોકોએ રૂા.૫૬,૭૯,૮૫૧/–ની રાહત મેળવી
કોઈપણ રિપોર્ટ અડધા ભાવમાં
જેમાં રૂા.૫૦ થી રૂા.૭૦,૦૦૦ સુધીના રિપોર્ટ
અડધા ભાવમાં એટલે કે રૂા.૨૫ થી રૂા.૩૫,૦૦૦ માં થશે

| રિપોર્ટનું નામ | માર્કેટ ભાવ | અહીના ભાવ | રિપોર્ટનું નામ | માર્કેટ ભાવ | અહીના ભાવ |
|---|---|---|---|---|---|
| CBC | 180/- | 90/- | HIV | 350/- | 175/- |
| Blood Sugar | 50/- | 25/- | Hba1c | 450/- | 225/- |
| TFT | 480/- | 240/- | Creating | 150/- | 75/- |
| Lipid Profile | 480/- | 240/- | PSA | 600/- | 300/- |
| SGPT | 150/- | 75/- | Ferritin | 550/- | 275/- |
| SGOT | 150/- | 75/- | Vitamin B12 | 700/- | 350/- |
| CRP | 280/- | 140/- | Vitamin D3 | 1000/- | 500/- |
| Blood Group | 80/- | 40/- | સહિત અન્ય તમામ રિપોર્ટ | | |

કોઈપણ રિપોર્ટ અડધા ભાવમાં જ થશે
: ખાસ નોંધ : સારહિ યુથ કલબ ઓફ અમરેલી દ્વારા દર્દીઓને જરૂરીયાત મુજબ મેડીકલ ઈન્સ્ટુમેન્ટ તદ્દન ફ્રી વાપરવા માટે આપવામાં આવશે.
તા.ક. : ડિપોઝીટ જમા કરાવવી. સંપર્ક : મો.૯૯૧૩૨ ૬૪૬૯૮
સ્થળ : સારહિ પેથોલોજી લેબોરેટરી
શ્રી નાગનાથ બસ સ્ટેન્ડ પાસે, શ્રી નાગનાથ મંદિર પાસે, અમરેલી.
વધુ માહિતી માટે સંપર્ક મો.નં.૯૯૨૫૮ ૨૩૪૨૩ / ૭૪૮૬૦ ૨૯૮૦૫



# છેલ્લા ૧૧ વર્ષથી ૪૭ વીઘા જમીનમાં પ્રાકૃતિક કૃષિ પધ્ધતિ અપનાવી

# ગોઠાવદર ગામનાં પ્રગતિશીલ ખેડૂતની ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે અનોખી કમાલ

**ઉંચી જાતના બંસી ઘઉં, દેશી બાજરો, દેશી મરચા સહિતના પાકનું વાવેતર**

**'ઝેર ખાવું નથી, ઝેર ખવડાવવું નથી'ની ઉમદા વિચારધારા દરેક ખેડૂત અપનાવે**

**ઉંચી જાતના બંસી ઘઉંના બિયારણનું વીઘે ૧૦ થી ૧૨ કિ.ગ્રા. વાવેતર**

**પ્રાકૃતિક કૃષિ થકી વાર્ષિક રૂા. ૧૫ થી રૂા. ૨૦ લાખની આવક**



અમરેલી, તા. ૭

અમરેલીના લીલીયા તાલુકાના ગોઢાવદર ગામના પ્રગતિશીલ ખેડૂત ભરતભાઈ નારોલા છેલ્લાં ૧૧ વર્ષથી ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ કરી રહ્યા છે.

ભરતભાઈએ ૪૭ વીઘા જમીનમાં ઉંચી જાતના બંસી ઘઉંનું વાવેતર કર્યુ છે સાથે દેશી બાજરો, દેશી મરચા, ડુંગળીનું બિયારણ તૈયાર કરવા માટે બુંધેલ એક્ષપોર્ટ જાતના બીજનું પણ વાવેતર કર્યુ છે.

રાજય સરકારની પ્રાકૃતિક કૃષિ ઈન્પુટસ સહાયનો પણ લાભ પ્રાપ્ત કરે છે તેવા ભરતભાઈ નારોલા કહે છે કે, હવે ખેડૂતોએ ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવવી જરૂરી બની છે. શૂન્ય ખર્ચની ખેતી યોગ્ય પદ્ધતિ સાથે કરવામાં આવે તો ચોક્કસ મબલખ ઉત્પાદન અને મબલખ કમાણી પ્રાપ્ત કરી શકાય છે સાથે જમીનની ફળદ્રુપતા પણ વધારી શકાય છે. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિના હિમાયતી એવા સુભાષ પાલેકર પાસેથી પ્રેરણા પ્રાપ્ત કરીને વર્ષ–૨૦૧૨માં ભરતભાઈએ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવી હતી. પોતાના અનુભવોના આધારે તેમણે જણાવ્યુ કે, પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં ખેડૂતે સતત પાક ફેરબદલી કરવી અનિવાર્ય છે. એકદળી અને દ્વિદળી પાકનું વાવેતર યોગ્ય પદ્ધતિ સાથે કરવું જોઈએ સાથે તૈયાર થયેલ પાક લઈ લીધા બાદ ખેતરમાં તેના અવશેષોને સળગાવવા નહિ, કીટ નિયંત્રણ માટે દશપર્ણી અર્ક તૈયાર કરીને તેનો ઉપયોગ કરવો (દશપર્ણી અર્ક માટે એવી વનસ્પતીની પસંદગી કરવી કે જેના પાંદડા પર કીટ જોવા ન મળે.) માર્કેટમાં પાકનું સારૂ વેચાણ કરવા માટે તૈયાર પાકનું કલીનીંગ અને પેકેજિંગ યોગ્ય રીતે કરવું.

આમ, પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોએ સારી કમાણી કરવા માટે ખેત ઉત્પાદનોનું મૂલ્યવર્ધન કરવું ખૂબ જરૂરી છે. દેશી ખાતરનો ઉપયોગ, ઘનજીવામૃત સહિતનો ઉપયોગ કરવો. રાસાયણિક ખાતરના લીધે જમીન પ્રદૂષિત બને છે અને ફળદ્રુપતા ઘટે છે. જેથી આવા ખાતર અને જંતુનાશક દવાઓનો છંટકાવ કયારેય ન કરવો જોઈએ, તેમ પ્રગતિશીલ ખેડુત ભરતભાઈ જણાવે છે.

ભરતભાઈએ પોતાની જમીનમાં ઉંચી જાતના બંસી ઘઉંના બિયારણનું વીઘે ૧૦ થી ૧૨ કિ.ગ્રા. વાવેતર કર્યુ છે. આ ઘઉંના છોડની ઉંચાઈ લગભગ ૪ ફૂટ સુધી થાય છે અને આ પદ્ધતિ પ્રમાણે વાવેતર કરવામાં આવે તો ઘઉંના છોડ ઢળી જતાં નથી કારણ કે તેના મૂળ મજબૂત હોય છે. વીઘા દીઠ ૩૫ થી ૪૦ મણ ઘઉંનો ઉતારો આવે છે અને માર્કેટમાં મણદીઠ રૂા.૧૫૦૦ જેટલા ઉંચા ભાવે વેચાણ થાય છે. ભરતભાઈએ અન્ય પાકનું પણ વાવેતર કર્યુ છે. તેઓ ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ થકી વાર્ષિક રૂા. ૧૫ થી ૨૦ લાખની આવક પ્રાપ્ત કરે છે, તેમ વધુમાં ભરતભાઈ ઉમેરે છે.

વધુમાં તેમણે જણાવ્યુ કે, ''ઝેર ખાવું નથી, ઝેર ખવડાવવું નથી''ની ઉમદા વિચારધારા દરેક ખેડૂત અપનાવે, પ્રાકૃતિક કૃષિ આજના સમયની પ્રમુખ માંગ છે. સૌ ખેડૂતોએ સ્વસ્થ ભારતના નિર્માણમાં યોગદાન આપવા આગળ આવે તે આવશ્યક છે. ભરતભાઈ નારોલા ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવનાર ખેડૂતોને પ્રેરણા પૂરી પાડી રહ્યા છે. તેમણે પરંપરાગત ખેતી કરતાં ખેડૂતોને ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવવા માટે આહ્વાન કર્યુ હતુ.

ગુજરાતના ખેડૂતોના હાથમાં હવે એન્ડ્રોઈડ મોબાઈલ ફોન છે. પ્રગતિશીલ ખેડૂત ભરતભાઈએ તો પોતાના ખેતરમાં સોલાર ઉર્જાથી સંચાલિત સીસીટીવી કેમેરા લગાવ્યા છે. જેના થકી તેઓ પોતાના ખેતરમાં ઉપસ્થિત ન હોય તો પણ પોતાના ખેતરની ગતિવિધિઓ પર ચાંપતી નજર રાખી શકે છે, ગુજરાતમાં ખેડૂતો હવે ખેતીક્ષેત્રમાં પણ ડિજિટલ ક્રાંતિ લાવવા માટે પ્રયત્નશીલ છે.

ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં ગાયનું છાણ (ગોબર), ગોળ, ચણાનો લોટ, પાણી યોગ્ય માત્રામાં મિશ્રણ કરીને જીવામૃત બનાવવામાં આવે છે. ઉપરાંત ખાટી છાશ, ગોળ, પાણીનું યોગ્ય માત્રામાં મિશ્રણ કરીને ગૌ અમૃતમ બેકટેરિયા તૈયાર કરવામાં આવે છે. સાથે દશપર્ણી અર્ક બનાવીને તેનો ઉપયોગ ખેતીમાં દેશી ખાતર, કીટનાશક તરીકે કરવામાં આવે છે. જેના થકી પ્રાકૃતિક કૃષિમાં જમીનની ફળદ્રુપતા અને પાક ઉત્પાદન વધે છે.

ગુજરાત રાજયમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિનો વ્યાપ સતત વધે તે માટે વિવિધ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ખેડૂતોને જરૂરી યોગ્ય માર્ગદર્શન અને પ્રોત્સાહન મળે તે માટે રાજય સરકાર પ્રયત્નશીલ છે. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિના પ્રાથમિક તબક્કે પ્રોત્સાહક પરિણામો જોતા રાજયના અનેક ખેડૂતો પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવતા થયા છે.

**મુલાકાત અને આલેખન : ધર્મેશ વાળા**

**તસવીર : મધુસુદન ધડુક**

**ફિલ્માંકન : બી.ડી.પાથર**

---

### શ્રી મોગલમા માનવ સેવા ટ્રસ્ટ દ્વારા

## ચલાલા : પ્રયાગરાજનાં મહાકુંભમાં સ્નાન કરી પરત આવનાર ભાવિકોનું સન્માન

**સાંઈ મંદિરમાં સાંનિધ્યમાં મહાપ્રસાદ યોજાયો**



ચલાલા, તા. ૭

ચલાલા દાનમહારાજની પાવનભુમી ચલાલા સાંઈ મંદિરના સાનિધ્યમાં પ્રયાગરાજ કુંભમેળામાં શાહી સ્નાન કરીને આવેલ ભકતજનોનું સન્માન કરી મોગલ માનવ સેવા ટ્રસ્ટ શિવસાંઈ ગૃપ ચલાલા દ્વારા કરવામાં આવેલ હતું આમંત્રિત મહેમાનોના હસ્તે દરેક ભકતોનું સન્માન કરવામાં આવેલ હતું.

આ સન્માન સમારોહમાં ચલાલાના ૧૦૮ની ઉપમા સાર્થક કરનાર સેવાભાવિ પ્રકાશભાઈ કારીયા તથા ધારીથી જીગ્નેશપરી ગૌસ્વામી, ચાપરાજભાઈ ધાધલ, અવિભાઈ માલા, કમલેશભાઈ વિઠલાણી, મારૂતિ ગ્રૃપના જયરાજભાઈ જેબલીયા, નીવૃત પી.એસ.આઈ. મધુભાઈ વાળા, તેમજ નરેશભાઈ માંગરોળીયા ભીમનાથ મહાદેવ મંદિરના મુકેશબાપુ વિપુલભાઈ કાથરોટીયા, બટુકભાઈ બગથરીયા સહીતના લોકો ઉપસ્થિત રહેલ હતા.

શિવસાંઈ ગ્રૃપ દ્વારા આવનાર તમામ મહેમાનો અને ભકતજનો માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરેલ હતી. ચલાલામાં આવું સુંદર આયોજન કરવા બદલ રાજુભાઈ જાની, લલીતભાઈ મહેતા, જે.ડી.ભાઈ ડોબરીયાની ટીમને બિરદાવામાં આવેલ હતી.

આ સમગ્ર કાર્યક્રમ સફળ થાય એ માટે તન–મન–ધનથી સેવા બાબુભાઈ સમેતીવાળા ધર્મેશ જાની, દિપ મહેતા, વિજય મહેતા, જીતુભાઈ મુલાણી, અલ્પેશ સોલંકી, રિયાજભાઈ તરવાડી તથા મિઠાપુર નકકી ગામેથી પધારશે. યુવા ટીમે સેવા આપેલ હતી. પત્રકાર પ્રકાશભાઈ કારીયા, બિપિનભાઈ રાઠોડ તથા મિત રાઠોડ કાર્યક્રમનું એલાઉન્સીંગ આપેલ હતું. એમ ચલાલાના પત્રકાર પ્રકાશભાઈ કારીયાની યાદીમાં જણાવેલ છે.

---

### શ્રી મોગલમાં માનવ સેવા ટ્રસ્ટ દ્વારા

## ચલાલામાં ૪૬માં સર્વજ્ઞાતિય સમુહલગ્ન યોજાશે

**દરેક દીકરીઓના લગ્ન વિનામૂલ્યે થાશે**

ચલાલા, તા. ૭

ચલાલા દાનમહારાજની પાવનભુમીને આંગણે મોગલમાં માનવ સેવા ચેરીટેબલ દ્વારા ૪૬માં સર્વજ્ઞાતિય સમુહ લગ્નનું ભવ્ય આયોજન ટુક સમયમાં રાખેલ છે.

વહેલા તે પહેલાના ધોરણે ફોમ ભરવાનું કામ શરૂ છે તો આ સમુહ લગ્નમાં જોડાવા ઈચ્છતા વર–કન્યાના વાલીઓએ જરૂરી ડોકયુમેન્ટ સાથે નીચે જણાવેલ સ્થળે રૂબરૂ મુલાકાત લેવા આયોજન કમેટી દ્વારા જણાવેલ છે.

સમુહ લગ્નમાં જોડાવા માટે વર/કન્યાના જન્મ તારીખના દાખલાઓ, રેશનકાર્ડ, આધાર કાર્ડ, ચુંટણી કાર્ઠ બધાની બે–બે ઝેરોક્ષ તથા વર/કન્યાના બે–બે ફોટાઓ સાથે આવવાનું રહેશે. આ સમુહ લગ્ન આયોજનનો મુખ્ય હેતુ દરેક દિકરીઓને કરિયાવરની વસ્તુઓ વધુને વધુ મળે.

ખુબ મર્યાદિત સંખ્યા લેવાની હોય વહેલા તે પહેલાના ધોરણે ફોમ ભરી શકશે. વધુ વિગત માટે સંપર્ક કરો. મોગલમાં માનવ સેવા ટ્રસ્ટ મો. ૯૪૦૮૨૭૮૮૫૩ તેમજ મો.૯૪૨૮૨ ૮૧૦૧૪ મો. ૯૮૭૯૪ ૬૩૪૪૩ ઉપર સંપર્ક કરવા કરવા ચલાલાના પત્રકારથી પ્રકાશભાઈ કારીયાની યાદીમાં જણાવેલ છે.

---

## રાજુલા શહેરમાં કોંગ્રેસ કાર્યાલય ખુલ્લી મુકાશે

રાજુલા, તા. ૭

આવતીકાલે શનિવારે તા. ૮.૨.૨૫ના રોજ ૪:૩૦ કલાકે રાજુલા શહેરમાં નગરપાલિકાની ચૂંટણીને લઈ અને જુદા જુદા વોર્ડમાં કોંગ્રેસ આગેવાન પરેશભાઈ ધાનાણી પ્રતાપભાઈ દુધાત વિરજીભાઈ ઠુંમર જેનીબેન ઠુંમર રાજભાઈ મહેતા ડી. કે. રૈયાણી વલ્લભભાઈ ઝીંઝુવાડીયા સહિતના નેતાઓ કોંગ્રેસ ઉમેદવારોની મુલાકાત કરી ને વોર્ડ વાઈઝ કાર્યાલય ખુલ્લી મુકશે. તો તમામ ઉમેદવારો અને કોંગ્રેસના કાર્યકરોએ ઉપસ્થિત રહેવા જણાવાયુ છે.

---

## રાજુલા ખાતે સાયન્સની પ્રેક્ટિકલ પરીક્ષાનો પ્રારંભ



તસ્વીર : યોગેશ કાનાબાર–રાજુલા

રાજુલા, તા. ૭


ગુ.મા. અને ઉ. મા. શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૨ સાયન્સની પ્રેક્ટિકલ પરીક્ષાનો શુભ આરંભ થયો અને આ વખતે રાજુલામાં જ પ્રેક્ટિકલ પરીક્ષાનું કેન્દ્ર મળતા તમામ વિદ્યાર્થીઓ અને વાલીશ્રીઓ ખુબ જ ઉત્સાહિત જોવા મળ્યા હતા, છતડીયા રોડ ઉપર આવેલ આર કે સાયન્સ સ્કૂલમા મળેલ કેન્દ્ર ખાતે આજે પ્રથમ દિવસે વિદ્યાર્થીઓને કુમ કુમ તિલક કરી અને મીઠુ મોઢું કરાવીને પરીક્ષાની શુભકામના પાઠવી.

જિલ્લા શિક્ષણાધિકારી ગોહિલ સાહેબ ના માર્ગદર્શન હેઠળ જોનલ નીખિલભાઈ વસાણી સાહેબ તેમજ કારિયા અને આશિષભાઈ જોશી દ્વારા તમામને પ્રોત્સાહન આપવામાં આવેલ.

આ વર્ષે રાજુલામાં જ સાયન્સના સેન્ટર મળતા આર કે સાયન્સ સ્કૂલના સંચાલક અને સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પ્રમુખશ્રી કમલેશભાઈ હડિયાએ સમગ્ર રાજુલાના વિદ્યાર્થીઓ અને વાલીઓ વતી ગોહિલ અને સમગ્ર અમરેલી શૈક્ષણિક કચેરીનો આભાર વ્યક્ત કરેલ.

---

## જાફરાબાદ તાલુકાના ભટ્ટવદર ધામ ગામે દ્વિશતાબ્દી લગ્ન મહોત્સવ ઉજવાશે



તસ્વીર : યોગેશ કાનાબાર–રાજુલા

રાજુલા, તા. ૭

નેશનલ હાઈવે ઉપર રાજુલાથી ૧૨ કિલોમીટર દૂર ઉના રોડ ઉપર ભટ્ટવદર ગામ આવેલું છે હાલમાં તે ગામને ભટવદર ધામ કહેવામાં આવે છે કેમ કે ત્યાં સ્વામીના ગઢડાથી સ્વામિનારાયણના પરમ ભકત દાદા બાપુ ખાચરની જાન ભટવદર ગામે આજથી ૨૦૦ વર્ષ પહેલા આવી હતી અને ત્યાં ભટવદર ગામના દરબાર નાગપાલ વરૂને ત્યાં જસુબા નામની દીકરી સાથે લગ્ન થયા હતા જયારે સ્વામીના ગઢડાથી જાન આવી ત્યારે આ ગામ દરિયાકાંઠે હોવાથી ખારાપાટ જમીન હતી અને એ જમીનમાં મીઠું પાણી થતું નહીં જયારે વિશાળ સંખ્યામાં જાન આવે ત્યારે મીઠું પાણી ખલાસ થઈ ગયું હતું અને સાથે આ જાનમાં ભગવાન સ્વામિનારાયણ પોતે પધાર્યા હતા ગામ લોકો મૂંઝાણા હતા અને વિચારતા હતા કે હવે આ મોટી જાનને પાણી મીઠું ક્યાંથી લાવી દેવું ત્યારે ભગવાન સ્વામિનારાયણ એને ખબર પડી અને તેમણે આખી વાત જાણી અને કહ્યું કે આ જગ્યા ઉપર નાનો વિરડો એટલે કે કોઈ બનાવો ત્યારે ગામ લોકોએ કહ્યું કે આ ખારાપાટ છે અહીં મીઠું પાણી નીકળે નહીં પણ સ્વામિનારાયણ ભગવાને કહ્યું કે હું કહું તેમ કરો મીઠું પાણી નીકળશે ત્યારે એ નાની કોઈ ખોદવા લાગ્યા અને થોડા ફૂટમાં જ આ ખારાપાટ જમીનમાં મીઠું પાણી નીકળ્યું હતું આ વાત આખા ગામમાં ફેલાઈ ગઈ અને તે વાવ એટલે કે કુઈ જે હાલમાં પણ મોજુદ છે અને ત્યાં સ્વામિનારાયણ ભગવાને હનુમાનજીની સ્થાપના કરી હતી સ્વામીના ગઢડા થી ભટવદર સુધી જયાં જયાં તેમણે જાનને રોકાણ કર્યુ હતું ત્યાં ત્યાં હનુમાનજીની સ્થાપના કરેલી હાલમાં પણ જોવા મળે છે જેને આજે ૨૦૦ વર્ષ પુરા થતા આ લગ્ન ઉત્સવ તારીખ ૮/૨/૨૫ થી ૧૨/૨/૨૫ સુધી એટલે કે પાંચ દિવસ સુધી શ્રીમદ સત્સંગીજીવન કથાનું આયોજન કરવામાં આવ્યું છે આજીવન કથામાં અંકલેર થી પૂજય સ્વામી નિર્ભયચરણદાસજી શ્રીમદ સત્સંગીજીવન કથા સંભળાવશે આ કથામાં બારપટોળી નજીક હનુમાનજીની સ્થાપના કરેલી ત્યાંથી તારીખ ૮ ના રોજ સવારે ૮:૦૦ કલાકે તેમજ લગ્ન ઉત્સવ કથા મહોત્સવનું ઉદઘાટન પ્રાગટય મંગળ આશીર્વાદ અને કથા પ્રારંભ તેમજ લગ્ન ઉત્સવ બપોરે ૩ થી ૬ કરવામાં આવશે તારીખ નવના રોજ બપોરે ૧ થી ૩ સુધી મહિલા મંચનું સંબોધન સાંખ્ય યોગી લીલાબા અમરેલી વાળા કરશે તેમજ તારીખ ૧૦ ના રોજ યજ્ઞ અનુષ્ઠાન સવારે ૮:૦૦ કલાકે તેમજ યજ્ઞ શાળાનું સવારે ૭:૦૦ કલાકે ઉદ્ઘાટન કરશે તેમજ તારીખ ૧૧ ના રોજ ગાડીપદ્માભિષેક સાંજે પાંચ કલાકે કરશે અને રાત્રીના ગૌશાળાના લાભાર્થે રાત્રિના નવ થી ૧૨ વાગ્યા સુધી ભજન કાર્યક્રમ કરવામાં આવશે તેમાં ભજનસમ્રાટ શૈલેષ મહારાજ અને ભરતભાઈ બોરીચા સાહિત્યકાર ડાયરો જમાવટ કરશે તારીખ ૧૨ ના રોજ સવારે ૮:૦૦ કલાકે મહામુકત જશુબા નુતન ગેશાળા નું ખાતમુહૂર્ત કરવામાં આવશે તેમાં બગસરા મુંબઈ સુરત થી સંતો પધારશે તેમ જ નૂતન પરમહંસોના ઉતારાનું ઉદઘાટન પણ કરવામાં આવશે તેમજ પ્રસાદીનો વિરડો પુનઃ ઉધાર કરવામાં આવશે તેમજ ભગવાન હરિના વરણીસ્વરૂપનું ઉનાવરણ સવારે ૯:૦૦ કલાકે કરવામાં આવશે તેમજ બપોરે ૧૧ કલાકે શાકોત્સવ ઉજવવામાં આવશે આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાસ્ત્રી હરિસ્વરૂપદાસજી સ્વામી અમરેલી તેમજ સાધુ સર્વમંગલ દાસ જે સ્વામી બાબરાવાળા કરશે આમ પાંચ દિવસ સુધી લગ્ન ઉત્સવ ઉજવવામાં આવશે સ્વામિનારાયણ ભગવાન પોતે જાનમાં આવ્યા હતા અને જશુબાને સોનાનો હાર હાથ ગરણામાં આપ્યો હતો આ ભટવદર ગામનું નામ સ્વામિનારાયણની શિક્ષાપત્રીમાં પણ ઉલ્લેખ થયેલ છે અને તે મીઠા વીરડાનું પણ ઉલ્લેખ થયેલો છે જેમાં આજે નાગપાલ વઢના વંશજો પણ હાજર રહેશે તેમાં વંશજ દિલુભાઈ ટપુભાઈ વરૂ અત્યારે ખાસ ઉઠાવી રહ્યા છે વિશાળ પાર્કિંગ જગ્યા કરવામાં આવી છે મંદિર પણ બનાવવામાં આવ્યું છે ઉતારા માટે ઓરડા પણ બનાવવામાં આવ્યા છે પાંચ દિવસ સુધી ધામધૂમથી ભોજન વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

# ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સે નાયબ દંડક વેકરિયાને પત્ર પાઠવ્યો

# અમરેલીનાં કુંકાવાવ માર્ગ ઉપર જીઆઈડીસીની સ્થાપના કરો

**જળાશય, ૬૬ કેવી, બાયપાસ માર્ગ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ હોવાથી અનુકુળતા રહેશે**

**વિશાળ જમીન સરકાર હસ્તક હોવાથી જમીન સંપાદન કરવાનો કોઈ પ્રશ્ન નથી**

**૬૦ વર્ષ પહેલા જીઆઈડીસી બન્યા બાદ વધુ એક જીઆઈડીસીની જરૂરિયાત**

**સ્થાનિક કક્ષાએ લઘુઉદ્યોગ માટે ગ્રાઉન્ડ તૈયાર થાય તો સ્થળાંતર પણ અટકી શકે**

અમરેલી, તા. ૭

અમરેલી ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ ધ્વારા નાયબ દંડકને પત્ર પાઠવવામાં આવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી નજીક માંગવાપાળ ગામ પાસે જીઆઈડીસી બને તેટલી વિશાળ જગ્યા સરકારની ખરાબાની પડેલ હોય અને ત્યાં ડેમ પણ નજીક છે તેમજ ૬૬ કેવી સબસ્ટેશન પણ તદન નજીક છે તેમજ હયાત રોડ પણ છે તથા હાલમાં અમરેલી શહેરનો રીંગ રોડ પણ મંજૂર થયેલ છે તે પણ ત્યાંથી પસાર થાય છે. તો પાણી, લાઈટ, રોડ જેવી મુખ્ય સુવિધા છે તેમજ ખૂબ જ વિશાળ સરકારી જગ્યા છે તથા અમરેલી શહેરીની બાજુમાં જીઆઈડીસી બનાવવાની જરૂર પણ છે. જેથી કરીને ખરાબાની જગ્યાનો ઉપયોગ પણ થઈ શકે તેમજ જે ઉદ્યોગકારો આવે તેને વ્યાજબી ભાવે પ્લોટ પણ મળી શકે અને ઔદ્યોગિક વસાહતની સ્થાપના થઈ શકે. પાણી, વીજળી તેમજ કુંકાવાવ રોડ રસ્તા બધી રીતે જીઆઈડીસીને અનુકુળ છે. અમરેલી ડિસ્ટ્રીકટ ઓફ ચેમ્બરને ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ ધ્વારા પત્ર મળેલ છે જે અનુસંધાને આ બાબતનો અભ્યાસ કરી સરકારી જમીનોની વિગત મેળવી સર્વે કરીને કુંકાવાવ રોડ, માંગવાપાળ નજીક જીઆઈડીસીની સ્થાપના થાય તો અમરેલીના વેપારીઓને ઘણી સુગમતા રહે તેવી નજીક જગ્યા છે.

**આઈસીયુમાં રોજનો રૂા. ૩૬૦૦થી ૪૫૦૦ સુધીનો ચાર્જ : ૧૦ હજાર ડિપોઝિટ**

## અમરેલીની એકમાત્ર સિવિલ હોસ્પિટલના ખાનગીકરણ બાદ લાગ્યા હાઈ ચાર્જના બોર્ડ

**બીપીએલ અને મા કાર્ડ ન હોય તેવા ગરીબ દર્દીઓને આઈસીયુમાં કોઈ ફ્રી સુવિધા નહી**




અમરેલી, તા. ૭

અમરેલી તથા નજીકના અન્ય જિલ્લાના દૂર દૂરથી જયાં સારવાર માટે અનેક લોકો આવે છે તે અમરેલીની સરકારી સિવિલ હાસ્પિટલ એક ખાનગી સંસ્થાને સોંપાયા બાદ પ્રથમ વખત જ હોસ્પટલમાં આકરા ચાર્જ માટેના બોર્ડ લાગ્યા છે. આઈ.સી.યુ.માં, બી.પી.એલ. કે મા કાર્ડ ન હોય તેવા ગરીબ દર્દીઓ માટે કોઈ જ સુવિધા મફત રાખવામાં આવી નથી.

અમરેલીમાં માત્ર અમરેલી શહેર જ નહીં પણ જિલ્લા અને આસપાસના વિસ્તારના લોકો સારવાર માટે જઈ શકે એ માટે એકમાત્ર સિવિલ હોસ્પિટલ છે. આ હોસ્પિટલ સરકારની માલિકીની હોવા છતા મેડિકલ કાલેજની સાથે ખાનગી સંસ્થાને સંચાલન માટે સોંપવામાં આવી હતી. ગરીબ દર્દીઓની સેવાની ભાવનાના બદલે હવે પ્રથમ વખત જ સિવિલ હાસ્પિટલમાં આકરા દરના બોર્ડ લાગ ગયા છે. જયાં કોઈ પણ પ્રકારના ચાર્જ વગર દર્દી નારાયની સેવા થતી હતી તે તે સ્થળ હવે કમાવાનું સ્થળ બની ગયું છે. હોસ્પિટલ મેનેજમેન્ટ દ્વારા જે ચાર્જ માટેના બોર્ડ લાગાવાય છે તે મુજબ સેમિ સ્પેશ્યલ રૂમના રોજના રૂ. ૧ હજાર, સ્પેશ્યલ રૂમના રોજના રૂ. ૧૫૦૦, ડીલક્સ રૂમના રોજના રૂ. ૨૫૦૦ ચાર્જ થશે અને દરેક રૂમ માટે રૂ. ૧૫૦ ડાયેટ ચાર્જ લેવાશે. આઈસીયુમાં પ્રવેશ માટે રૂ. ૧૦ હજાર ડિપોઝિટ ભરો તો જ પ્રવેશ મળશે અને રોજના રૂ. ૩૨૦૦ ચાર્જ અને વેન્ટિલેટર સાથે રોજના રૂ. ૪૫૦૦ ચાર્જ લેવાશે.

બીપીએલ કાર્ડ ધારકો માટે આઈસીયુ મફત છે પણ લાંબા સમયથી બીપીએલ કાર્ડ નીકળતા નથી અને મોટા ભાગના લોકો ગરીબ હોવા છતા કાર્ડ હોતું નથી તેમના માટે : આઈસીયુમાં કોઈ સુવિધા નથી. પીએમજય યોજના માટે પણ ઢમ તથા આઈસીયુ ફી છે પણ અનેક લોકો પાસે આ કાર્ડ હોતા નથી અને અડધી રાતે આઈસીયુમાં તાત્કાલીક દાખલ કરવાની જરૂર પડે તો તાત્કાલીક કાર્ડ કઢાવવાનું પણ શકય હોતું નથી.

અમરેલી શહેર અને જિલ્લામાં આ સિવિલ હોસ્પિટલ સૌથી મોટી સરકારી હોસ્પિટલ છે. આ હોસ્પિટલ સરકારની માલિકીની છે. અને તેને ખાનગી ટ્રસ્ટને સોંપવા સામે અગાઉ પણ ભારે વિરોધ કરવામાં આવ્યો હતો. તેમ છતાં પણ આ ખાનગી ટ્રસ્ટને સોંપવાનો નિર્ણય લેવાયો હતો. શરૂઆતમાં સંચાલકો દ્વારા સામાન્ય ચાર્જ લેવાનું શરૂ કરવામાં આવ્યું હતું. પણ હવે આકરા ચાર્જના બોર્ડ લગાવી દેવાયા છે. ઉપરાંત હોસ્પિટલના સંચાલનમાં પણ સંસ્થાની દખલગીરી સતત રહે છે. જેની ફરિયાદો લોકો દ્વારા કરવામાં આવી રહી છે. બીજી તરફ આ મુદ્દે અમરેલીના ચૂંટાયેલા નેતાઓ અને અગ્રણીઓ પણ ભેદી રીતે મેન સેવી રહ્યા છે.

**રૂમની સેવા વૈકલ્પિક છે : સંચાલક**

આ અંગે અમરેલી સિવિલ હોસ્પિટલના સંસ્થાના સંચાલક દિનેશભાઈ કાપડીયાએ જણાવ્યું કે. હોસ્પિટલમાં ૭૦૦ બેડ સુધી તમામ દર્દીઓ માટે ફી સુવિધા છે. રૂમની વ્યવસ્થા ફરજિયાત નથી પણ વૈકલ્પિક છે અને જેમને જરૂર હોય તે લઈ શકે છે. આઈસીયુમાં બીપીએલ કાર્ડ હોય કે પી.એમ.જ.ય.નું કાર્ડ હોય તો મફત છે.


## સાવરકુંડલા : જીવન સાથીના મોક્ષાર્થે પ્રિતી ભોજન કરવાતાં ડો. વડેરા



સાવરકુંડલા, તા. ૭

સ્વ. શ્રીમતી ઉમાબેન જે વડેરાના સ્વર્ગવાસ પછી તા. ૬/૨/૨૫ને ગુરૂવારના વરશી-વિધીની પુર્ણાહુતીની સંધ્યાએ મેઘજી પેથરાજ સાર્વજનિક છાત્રાલયનાં વિદ્યાર્થીઓને પ્રિતી ભોજન કરાવી સદગતના આત્મકલ્યાર્થે એક નવો ચીલો ડોક્ટર જે.બી. વડેરા દ્વારા કંડારવામાં આવેલ. ડોકટર વડેરા છેલ્લા ૪૫ વર્ષથી પણ વધુ સમયથી તાલુકાના શ્રેષ્ઠ અને બાહોશ ડોકટર તરીકે નામનાં પામી ચુકયા છે, તેઓ રઘુવંશી સમાજની દરેક સંસ્થા સાથે જોડાયેલા છે, તેઓ ઈન્ડિયન મેડિકલ એસોસિયેશનના પૂર્વ ચેરમેન, પૂર્વ લાયન્સ ક્લબના હોદેદાર તરીકે તેમજ હાલ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી સાવરકુંડલાનાં ચેરમેન, નુતન કેળવણી મંડળ સાવરકુંડલાનાં ટ્રસ્ટી તરીકે ઉમદા જવાબદારીઓ સંભાળી રહ્યાં છે, સ્વર્ગસ્થ ઉમાબેનની પ્રથમ માસિક પૂણ્યતિથિ નિમિત્તે તેમણે અનુદાનિત પ્રાથમિક આશ્રમશાળાના ભૂલકાંઓ ભોજન કરાવેલ જેની નુતન કેળવણી મંડળના ટ્રસ્ટીઓ નોંધ લ્યે છે.

## અમરેલી કોળી શકિત યુવક મંડળ દ્વારા સ્વ. સવજીભાઈ ડાભીને શ્રધ્ધાજંલિ પાઠવાઈ



અમરેલી, તા. ૭

અમરેલી ખાતે કોળી શકિત યુવક મંડળ ટ્રસ્ટી સ્વ. સવજીભાઈ ધનજીભાઈ ડાભીનું તા. ૨૮/૧/૨૫ના રોજ અવસાન થતા મંડળ દ્વારા ૩૪ વર્ષથી સેવા આપતા સમસ્ત કોળી સમાજના ૪૦ લગ્નનું ભવ્ય આયોજન સર્વજ્ઞાતિ સમુહલગ્નનું ૩૩ અને કોળી સમાજ વેવિશાળ મેળા ૭૨ મેળામાં સફળ બનાવવા જહેમત ઉઠાવનાર સ્વ સવજીભાઈના અવસાન શ્રધ્ધાંજલિ આપતા મંડળ પ્રમુખ રમેશભાઈ ગોહીલ, પરશોતમભાઈ એન. મકવાણા ભીખુભાઈ મકવાણા, રમેશભાઈ આર. ડાભી, જગદીશભાઈ એમ. ચાવડા, વિપુલભાઈ ડી. પરમાર, ભાવેશભાઈ જી. વાઘેલા, આરતીબેન ગોહીલ, શંભુભાઈ ટી. માલકીયા, શંભુભાઈ જે મકવાણા આપેલ હતી.

**ભાજપ અગ્રણી પ્રા. જે.એમ. તલાવિયાની માંગ**

## અમરેલી જિલ્લામાંથી પસાર થતી શેત્રુંજી નદીમાંથી રેતી ઉપાડવાની મંજૂરી આપો

**રાજયનાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને પત્ર પાઠવ્યો**

અમરેલી, તા. ૭

અમરેલી જિલ્લાના પૂર્વ ગીર જંગલને ઈકો ઝોન જાહેર કરવામાં આવ્યું છે. આ બાબતને લઈને હાઈકોર્ટ દ્વારા શેત્રુજી નદીમાંથી રેતી કાઢવા માટે પ્રતિબંધ લગાવ્યો છે. શત્રુજી નદીનું ઉદગમ સ્થાન પૂર્વ ગીર જંગલ છે એ વાત સાચી પરંતુ આખી નદી જંગલમાંથી વહેતી નથી. અમરેલી જિલ્લાના ધારી તાલુકાના થોડા ભાગને છોડતા બાકીનો વિસ્તાર ઈકો ઝોનમાં આવતો નથી. શેત્રુજી નદી ધારી તાલુકાના ચાંચઈ - પાણિયા ગામમાં મુખ ધરાવે છે એનો અર્થ એવી નથી કે આંખે આખી નદીને ઈકો ઝોનમાં મુકવામાં આવે. નદી અમરેલીથી લઈ ભાવનગર જિલ્લામાં વહે છે તો ખરેખર ઈકો ઝોનને બાદ કરતાં અન્ય વિસ્તારમાંથી વહેતી નદીમાંથી કાયદેસર લીઝ ભરીને રેતી ઉપાડવા પરવાનગી હાઈ કોર્ટે આપવી જોઈએ. આ અંગે સરકાર હાઈકોર્ટમાં કાયદાના ફોર્મેટમાં રહી રજુઆત કરે તે અત્યંત જરૂરી છે.

હાલ અમરેલીના બાંધકામ સાથે સંકળાયેલા લોકોએ સુરેન્દ્રનગર, ગઢડા, અમદાવાદ, દુમિયાંણી કે અન્ય દૂરના સ્થળોએથી મોંઘા ભાવે રેતી લાવવી પડે છે જે આર્થિક રીતે પોસાય તેમ નથી. બીજું કે નદીમાં રેતીનો ભરાવો થતાં નદીનું તળ ઊંચું આવે છે જેના લીધે નદીનું પાણી ખેતરોમાં વહેતા ખેડૂતોને નુક્સાન થાય છે.

અમરેલીનો બાંધકામ વ્યવસાય પડી ભાંગ્યો છે કોન્ટ્રાક્ટરો કારીગરો-મજૂરો બેકાર બની ગયા છે. નાના માણસો રોજીરોટીના અભાવે મુંઝાઈ રહ્યા છે.

આ અંગે સત્વરે ઘટતું કરી અમરેલી જિલ્લાનો બાંધકામ વ્યવસાય ફરી ધમધમતો થાય તે માટે રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને ભાજપ અગ્રણી પ્રા. જે.એમ. તલાવીયાએ રજુઆત કરી છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦







ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪







કોળી શકિત યુવક મંડળ અમરેલી આયોજીત ૪૦ મા સમુહલગ્ન આગામી તા.૦૨-૦૩-૨૦૨૫
આ લગ્નોત્સવમાં ભાગ લેવા માંગતા ઉમેદવારોએ વહેલી તકે સંપર્ક કરવો લગ્ન ફી કન્યા પક્ષ રૂા.૧૨૫૦૦/- તેમજ વર પક્ષ રૂા.૧૨૫૦૦/- દરેકને કન્યાઓને વિના મૂલ્યે કરીયાવરની ૮૦ વસ્તુઓ મળશે.
સરકારી યોજના સમુહલગ્ન સાતફેરા તેમજ કુંવરબાઈનું મામેરૂ યોજના અંતર્ગત લાભ મળવાપાત્ર રહેશે. તો રજીસ્ટ્રેશન માટે...
સંપર્ક : પ્રમુખશ્રી રમેશભાઈ એસ.ગોહિલ
શ્રી રામ એસ્ટેટ, જુના માર્કેટીંગ યાર્ડ અંદર, ફ્રુટ માર્કેટ, દુ.નં.બી/એફ-૧૩, પહેલો માળ, અમરેલી
મો.નં. ૯૩૭૪૭ ૩૪૮૨૦






# વૃદ્ધની ઈમાનદારી

વિવેકનો આશ્રય
સચિત્ર બાળવાર્તાઓ
પ્રકાશક : યુગનિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ

રવિન્દ્રનાથ ટાગોર ઈંગ્લેન્ડમાં હતા ત્યારની વાત છે. તેઓ પોતાના નિયમપ્રમાણે કડકડતી ઠંડીમાં પણ સવારમાં ફરવા નીકળ્યા ત્યારે રસ્તામાં તેમને એક વૃદ્ધ મળ્યો. તે ચાલી શકતો નહોતો. તેણે પેટ ભરવા એક શિલિંગ માગ્યો. ટાગોરે વૃદ્ધની દયનીય હાલત જોઈ, તેથી તેને એક ગીની આપી અને આગળ વધ્યા. પેલો વૃદ્ધ તેમને બૂમો પાડતો અને દોડતો દોડતો તેમની પાછળ ગયો અને ગીની પાછી આપતાં બોલ્યો કે મેં તો આપની પાસે ફકત એક શિલિંગ માગ્યો હતો, પરંતુ ભૂલમાં આપે મને ગીની આપી દીધી.

ટાગોરે કહ્યું કે મેં ભૂલમાં નથી આપી. તમને મદદ કરવાના ભાવથી જાણી જોઈને આપી છે, એમ છતાં વૃદ્ધે ફકત એક શિલિંગ જ લીધો અને કહ્યું કે આપ બાકીના પૈસાથી મારા જેવા કેટલાય અશકત માણસોને એક દિવસનું ભોજન આપી શકશો. હું તો દરરોજ મારૂ પેટ ભરાય તેટલું જ માગું છું. તે વૃદ્ધની મહાનતા તથા ઈમાનદારીથી ટાગોર પ્રભાવિત થઈ ગયા.



જો તેણે ગીની રાખી લીધી હોત તો થોડાક દિવસો સુધી તે આરામથી જીવી શકત અને તેને ભીખ માગવી ના પડત, પરંતુ તેણે ઈમાનદારીથી પોતાની જરૂરિયાત જેટલું જ ધન સ્વીકાર્યું. આવા ઈમાનદાર માણસો જ માનવજીવનનું ગૌરવ વધારે છે.

# નદી મારા એકલાની

મારા ગાંધીબાપુ
ઉમાશંકર જોશી
સંપા. મહેન્દ્ર મેઘાણી

ગાંધીજી સવારે વહેલા ઊઠે. ઊઠીને મોં ધોવાનું અને દાતણ કરવાનું. તે માટે પાણીની નાની લોટી અને પિકદાની પથારી પાસે જ રાખેલાં હોય તે વડે ત્યાં જ પતાવે. મોહનલાલ પંડયા કહે : બાપુ, પાણીનો તોટો છે ? આ સાબરમતી વહી જાય છે. પાણીની કરકસર શું કરવા કરતા હશો ? ગાંધીજીએ એમને સામેથી પૂછયું : મારૂં મોં તમને બરાબર સાફ થયેલું લાગે છે કે નહિ એ કહોને. પંડયાજી કહે : એ તો છે જ ને ! ગાંધીજી : તો પછી વાંધો કયાં છે ? તમે લોટેલોટા પાણી વાપરો છો, પણ પલળેલા હાથ વડે મોં પર પાણી ચોપડો છો. હું પાણી વડે મોં બરાબર સાફ કરૂ છું. આટલું પાણી પૂરતું છે. પંડયાજી કહે : પણ નદીમાં આટઆટલું પાણી છે, ને... ગાંધીજી : નદીનું પાણી કોને માટે છે ? મારા એકલા માટે છે ? પંડયાજી : સૌને માટે છે. આપણા માટે પણ છે... ગાંધીજી : બરોબર, નદીનું પાણી સૌ – પશુ, પંખી, માણસ, જીવજંતુ સૌને માટે છે. મારા એકાલ માટે નથી. મારા ખપ પૂરતું જરૂર હું લઉં. પણ વધારે લેવાનો મને હક નથી. સહિયારી મિલકતમાંથી ખપ કરતાં વધારે આપણાથી લેવાય ?

# શાર્કની શરીરની વિશિષ્ટતા

– શાર્ક ગણાય છે તો માછલી, પણ અમુકબાબતોમાંતેમાછલીકરતાંજુદી છે. દરેક માછલીને શરીરમાં હાડપિંજરનું માળખું અંચૂક હોય, જયારે શાર્કને નક્કર હાડપિંજર છે જ નહિ. શરીરમાંતેને bones/અસ્થિને બદલે cartilage/ કાસ્થિયાને રબ્બર જેવાટિશ્યૂછે. શરીરને કસોકસ રીતે મઢી લેતી મજબૂત ત્વચા ભીતરી અવયવોને યથાસ્થાને જાળવી રાખે છે.

– શાર્ક જો સતત તર્યા ન કરે તો ડૂબવા માંડે છે. માછલી અને શાર્ક વચ્ચે એ બીજોફરકછે. તારણશકિતમાટેકુદરતે દરેકમાછલીનેગેસચેમ્બર જેવીસ્વિમ બ્લેડરની સગવડ આપી છે. માછલી ધારે ત્યારે અને ધારે એટલા વાયુનો ભરાવો તેમાં કરી શરીરને તરલ રાખે છે. શાર્ક પાસે આવી વ્યવસ્થા નથી, માટેવિમાનનીમાફકતેણેસતતગતિમાં રહેવું પડે છે.

–શિકારપરજડબાનોસકંજોજમાવતી વખતે શાર્કે અમુક દાંત ગુમાવવા પડે એવુંઘણીવારબનતુંહોયછે, પણનવા ફૂટી નીકળતા દાંત એ ખોટને પૂરી દે છે. હોલિવૂડની ઉંફૂત ફિલ્મે જેને ખલનાયિકા તરીકે ચમકાવી એ ગ્રેટ વ્હાઈટ સ્પીસિસની શાર્કને (બાજુનો ફોટો) તેના આયખા દરમ્યાન અંદાજે ૫૦,૦૦૦ નવા દાંત મળે છે.

– ગુજરાતના તટવર્તી સમુદ્રમાં થતી (અને વખતોવખત ન્યૂઝ આઈટમ બનતી) વ્હેલશાર્કબધીશાર્કકરતાંમોટી છે. લંબાઈ સરેરાશ ૧૨.૫ મીટર, મહત્તમ ઘેરાવો ૭ મીટર અને વજન ૧૫,૦૦૦કિલોગ્રામહોવાછતાંસ્વભાવે તે શાંત છે. શિકાર કરવા માટે તેને જડબામાં ખંજર જેવા દાંત પણ નથી. ટચૂકડા જીવો આરોગીને તે પોતાનો ગુજારો કરે છે.


–શરીરનુંપેટાળનીચેતરફરહેએ રીતેતરતીબૂલશાર્કને, નર્સશાર્કને અને ગ્રેટ વ્હાઈટ શાર્કને પણ જો પલટીખવડાવીપીઠભરતરતીકરી દેવાય તો તેઓ 'tonic immobility'માં એટલે કે હિપ્નોટિઝમ જેવી અવસ્થામાં સરી પડે છે. જાણે પક્ષાઘાતથયો હોયએમહલનચલનઅટકીજાય છે અને 'કળ' વળવામાં કલાકો નીકળી જાય છે.



# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



## પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી
## જ્ઞાન ઝરણા



### શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧. ચામડીનો બહુ વિચાર કરે તેને બીજા જન્મમાં ચમાર બનવું પડે છે, માટે શરીર શણગારવા પાછળ બહુ સમય ન ગુમાવો, બહુ ધ્યાન ન આપો.
૨. જેના હૈયામાં ઝેર છે અને રૂપ સુંદર છે તે પૂતના. જેની આકૃતિ સારી પણ કૃતિ ખરાબ તે પૂતના. જે મળ્યા એટલે વખાણ કરે અને પાછળ નિંદા કરે એ પૂતના.
૩. જે બહારથી સુંદર દેખાય છે તે અંદરથી પણ સુંદર છે એવો વિશ્વાસ ન રાખવો.
૪. મનુષ્ય વાસનાનો ગુલામ છે તેથી તેનું પતન થાય છે. પૂતના આંખમાંથી આવે છે.
૫. દર્શનમાં આનંદ ત્યારે આવે છે જયારે ભગવાન આંખ આપે છે.
૬. જીવ અભિમાની છે. જીવ પાસે કાંઈ નથી છતાં ઠસકથી ચાલે છે.
૭. શુધ્ધ પ્રેમમાં બીજાને સુખી કરવાની ભાવના હોય છે.
૮. ભગવાન કૃપા કરીને નજર આપે છે તેને જ્ઞાન મળે છે.
૯. લક્ષ્મીનો ઉપભોગ કરવાનો અધિકાર જીવને નથી, જીવ લક્ષ્મીનો ઉપયોગ કરી શકે. ઉપભોગ કરવા જાય તો લક્ષ્મી થપ્પડ મારે છે.
૧૦. ગોમૂત્રમાં પવિત્ર કરવાની શકિત છે. ગોમૂત્રનું પાન અને તેના વડે સ્નાન કરવાથી શરીર નિરોગી થાય છે. ગોમૂત્ર પાનથી પણ મન શુદ્ધ થાય છે. ગોમૂત્ર ૧૦૮ વખત ગાળી પી જાઓ. મન શુદ્ધ થશે. પાપ દૂર થશે. પ્રયોગ ૬ મહિના કરવાનો.

# જ્ઞાનમંજરી

**ભારતનાં મહત્વનાં સ્થળો**

(૧) ઓનમ કયા રાજયનો તહેવાર છે ? – કેરળ
(૨) ભારતમાં સૌથી લાંબી નદી કઈ છે ? – ગંગા
(૩) ભારતમાં સૌથી લાંબો બંધ કયો છે ? – હીરાકુંડ
(૪) શ્રી સાંઈબાબાનું પ્રસિદ્ધ મંદિર જયા આવેલું છે તે શિરડી કયા રાજયમાં આવેલ છે ? – મહારાષ્ટ્ર
(૫) ભારતનું આર્થિક પાટનગર કયું છે ? – મુંબઈ
(૬) કોકણી કયા રાજયની ભાષા છે – ગોવા
(૭) ભારતમાં સૌથી કયા ધાન્ય પાકનું ઉત્પાદન થાય છે ? – ડાંગર
(૮) ભારતનું સૌથી મોટું કુદરતી બંદર કયું છે ? – મુંબઈ
(૯) રાજયોમાં વહેંચણી કેટલા પીનકોડમાં કરવામાં આવી છે ? – ૮
(૧૦) ભારતમાં પ્રથમ વીજળી ટ્રેન કયાં શરૂ કરવામાં આવી હતી ? – મુંબઈ–કુર્ણા

# ઝળહળ ઝાકળ

**લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા**

## આંસુ : હદયની ભાષા !

કહે છે કે, આંસુ ખારા હોય છે... તેનું કારણ છે – હદયના સાગરમાં લાગણીઓના પ્રચંડ ભરતી – મોજાં ઊઠે અને તે આંખ દ્વારા છલકાય... અને દરિયો તો ખારો જ છે ને ?આ લાગણીઓના મહાકાય મોજાં ઊઠવાનું કારણ હર્ષ પણ હોય, શોક પણ હોય ! બન્ને અંતરને અને જીવનને પલાળે અને જેના હૈયાન વાછંટ લાગે, તેનેય ભીંજવે. પુત્રીને સાસરે વળાવતા મા–બાપ તો રડતા હોય, પણ અન્ય લોકો પણ રડતા જ હોય છે ને ?


આંખના ટોડલે આંસુના દીવડા પ્રગટે અને અનેકના અંતરમાં અજવાળું કરે !

## પ્રયોગ – ૩૨
## પદાર્થની ઘનતા ચકાસવી

**હેતુ :** પદાર્થની ઘનતા ચકાસવી.
**સાધન :** લોંખડનો ટુકડો, લાકડાનો ટુકડો, ડોલ **પદાર્થો :** પાણી,
**રીત :** એક ડોલ લો. તેમાં પાણી ભરો. તેમાં લોખંડનો ટુકડો અને લાકડાનો ટુકડો નાખો.
**અવલોકન :** લોખંડનો ટુકડો પાણીમાં ડૂબી જાય છે. : લાકડાનો ટુકડો પાણીમાં તરે છે.
**તારણ :** લોખડ એ પાણી કરતાં ભાર છે અર્થાત તેની ઘનતા વધારે છે. માટે ડૂબી જાય છે.: લાકડું એ પાણી કરતા હલકું છે અર્થાત તેની ઘનતા ઓછી છે. માટે તરે છે.

રેડિયો :આપણા માટે રેડીયો એક મનોરંજનનું સાધન છે. ઈ.સ.૧૮૯૫માં ઈટાલીના શોધક અને ભૌતિક વૈજ્ઞાનિક માર્કોનિએ અવાજના મોજાઓને દૂર સુધી પ્રસારિત કર્યા અને ઝીલ્યા. આ મશીનને રેડીયો કહેવાય છે. અવાજના મોજાઓને રેડિયો સ્ટેશન દ્વારા પ્રસારિત કરવામાં આવે છે અને આપણા રેડિયો દ્વારા જીલવામાં આવે છે. આજકાલ ઘણા નાના, મોટા તથા રેડિયો સાથેના ટેપરેકોર્ડર, સીડી બજારમાં ઉપલબ્ધ છે.

**પ્રયોગની પાંખે**
વિજ્ઞાન નગરી
પ્રકાશકઃ શ્રી બળવંત પારેખ




# ટાપુની શોધમાં


સુજલની સાહસકથા
નલિન મહેતા
પ્રકાશક : ભદ્રા મહેતા

દસેક મિનિટના અંતરાલ પછી સુજલે એકાએક બૂમ મારી : "ડાબી તરફ – ડાબી તરફ વાળો – જુઓ પેલો સામે દેખાય !" હલેસાને હોડીની જમણી બાજુએ લેતાં મેં તેણે ચીંધેલ દિશામાં જોયું. મને તો ત્યાં કશું ના જણાયું. છતા મેં એ તરફ હોડીનું મોં ફેરવી હલેસું મારવાનું શરૂ કર્યુ. થોડું આગળ વધ્યા પછી જો કે મને એક ધુંધળી આકૃતિ દેખાણી ખરી. ઉત્સાહમાં આવી જતાં મેં હોડીની ઝડપ વધારી. "લાગે છે આપણે બોટની ઊંધી બાજુએ આવી ચડયા," સુજલે મારા ઉમંગ પર ઠંડુ પાણી રેડતા કહ્યું : "અહીંથી તેમાં દાખલ થવું શકય નથી." મેં હલેસાં મારવાનું બંધ કર્યુ. અમે બોટની નિકટ આવી પહોંચ્યા હતા. અંધકારમાં અસ્પષ્ટ જણાતી ટેકરીઓ અમને અવરોધવા એક સળંગ દીવાલ બની ઊભી હતી. "તમારે થોડી વધારે મહેનત કરવી પડશે," સુજલ બોલ્યો, "આપણે બોટની પ્રદક્ષિણા કરવી પડશે." મેં પુનઃ હલેસાં મારવાનું શરૂ કર્યુ. અને ટેકરીઓની એ હારમાળાને ખૂણે પહોંચી હોડીની દિશા બદલી આ વળાંક અમારે માટે શુકનિયાળ નીવડયો. બોટનું આખું દશ્ય જ પલટાઈ ગયું. મારી નજર સમક્ષ હવે એક વિશાળ રેતીનો પટ ધનિષ્ઠ અંધકારમાં પણ સોનેરી રંગથી ઝગારા મારતો પથરાયેલો દેખાયો. કિનારાની બંને બાજુ. નાળિયેરીના ઝુંડ પવનમાં ઝુલતા હતા. ત્રણ દિશાઓમાંથી આવેલી ટેકરીઓની પૃષ્ઠભૂમિમાં ઠેરઠેર વનરાજી ફેલાયેલી હતી. કિનારે પહોંચી અમે ઘૂંટણિયા પાણીમાં ઉતર્યા અને નજદીકના એક નાળિયેરીના વૃક્ષ સાથે હોડી કસકસાવીને બાંધી. દરમિયાન મેઘરાજ હવે ખમૈયા કરવા કે નહિ તેની અસમંજસમાં હોય તેમ વરસાદ સતત વરસતો નહોતો તેમજ સદંતર બંધ પણ થતો નહોતો. "હવે આપણે ભોજનની વ્યવસ્થા કરીએ." સુજલે નાળિયેરીના લુમખાથી લચી પડેલ એક વૃક્ષ તરફ નજર દોડાવતાં કહ્યું, અને પછી તેની ઉપર સડસડાટ ચઢીને એક પછી એક નાળિયેર નીચે આવેલ ભીની રેતીના પટ પર ફેંકવા લાગ્યો. અડધો ડઝન તોતીંગ નાળિયેરો તોડીને એ નીચે ઉતર્યો ત્યાં સુધીમાં મેં તેમને એકઠાં કરી થેલીમાં ભરી દીધાં.

ઝરમર વરસતી વર્ષામાં ટહેલતા અમે મેદાનને બીજે છેડે આવેલી વનરાજી નજીકના એક મહાકાય વૃક્ષ પાસે પહોંચ્યા અને તેની નીચે જ ધામો નાખ્યો. આસપાસ પથરાયેલ ભીના પાસમાંથી જડી આવેલ પથ્થરની મદદથી સુજલે નાળિયેરો ભાંગવાનું શરૂ કર્યુ. જોતજોતાંમાં બંને જણા ત્રણ ત્રણ નાળિયેરોનાં મીઠાં પાણી અને મલાઈ ઝાપટી ગયા.

# કલ્યાણ અમૃતબિંદુ

**સૌનું આરોગ્ય**
:: લેખક ::
વૈદ્ય પ્રદિપ આસ્તિક
૮૦ દર્દી પરના સરળ તેમજ સચોટ ૨૯૦ પ્રયોગોનો સંગ્રહ



કપૂર, ઈજમેટનાં ફૂલ, અજમાનાં ફૂલ ત્રણે સરખા ભાગે લઈ, શીશીમાં નાખવાથી પાણી થઈ જશે. દવા ઊડી ન જાય માટે શીશી ઉપર સજ્જડ બૂચ મારી દેવું. આ દવાનાં બેથી ત્રણ ટીપાં પાણીમાં દિવસમાં બેથી ત્રણ વખત લેવાથી કોલેરા, ઝાડા, મંદાગ્નિ, પેટની ચૂંક, ઊલટી, સળેખમ વિ. દર્દો મટે છે. દાંત કે દાઢ દુઃખતી હોય ત્યારે આ દવાનું પોતું મૂકવું. માથું દુખતું હોય કે શરીરમાં વાનો દુઃખાવો થતો હોય ત્યારે આ પ્રવાહી દવા તેલમાં મેળવી ચોળવાથી દુઃખાવો મટે છે. આ દવા મુસાફરીમાં સાથે રાખવાથી ડોકટરનું કામ આપે છે.

૨. સ્ત્રીઓ તથા કન્યાઓ માટે શકિની દવા
કમળકાકડીનાં બીજનું ચૂર્ણ ત્રણ ગ્રામ સવાર–સાંજ બે વખત સાકર અને એલચી બન્ને નાખી કઢેલા દૂધમાં લેવું. આથી સ્ત્રીઓના શરીરનો બાંધો મજબૂત બને છે. બચ્ચાંવાળી સ્ત્રીઓને ધાવણ વધારી શકિ આપે છે. સ્ત્રીઓના તપ્રદરમાં સારો ફાયદો કરે છે.

૩. ગોળનું પાણી
સો ગ્રામ પાણીમાં પચીસ ગ્રામ ગોળ મેળવી દસ–પંદર વખત કપડેથી ગાળી લેવું. ઉનાળાની સખત ગરમીમાં આ પાણી પીવાથી કુદરતી ઠંડક મળે છે. થાક દૂર કરી તાજગી અને સ્ફૂર્તિ આપે છે.

૪. સમદરશોષના પાનનો પ્રયોગ
આ પાનનો લીલો ભાગ ગૂમડા ઉપર બાંધવાથી થોડા દિવસમાં ગૂમડું ફૂટી જાય છે. તે પછી આ જ પાન ઊંધુ એટલે રૂવાટીવાળો ભાગ બાંધવાથી ગૂમડું રૂઝાઈ જાય છે. ભલભલા ન રૂઝાતાં ઘારાં, સ્તન ઉપરનાં ગૂમડાં, બામલાઈ આ પાનના પ્રયોગથી મટ્યાં છે. આ પાનના વેલાની ડાળખી ફળિયામાં કે વાડીમાં વાવવાથી તેનો છાંયો સારો થાય છે, અને તેની સાથે પરમાર્થ પણ થાય છે. સેવાભાવી સજ્જનોએ આ લાભ લેવા જેવો છે. મહિ વેચતાં હરિ મિલે, એક પંથ દો કાજ.


૫. સૂંઠનો ચમત્કારિક પ્રયોગ
સૂંઠનું ચૂર્ણ બે ગ્રામ, ઘી ત્રણ ગ્રામ, ગોળ પાંચગ્રામ, ત્રણે મેળવીને સવારે નરણા કોઠે લેવાથી શરદી, વારંવાર છીંકો આવવી, ભૂખ ન લાગવી, મંદાગ્નિ, નબળાઈ, પેટનો વાયુ, સાંધાનો દુઃખાવો વિ. દર્દો મટે છે. વૃદ્ધોને આ પ્રયોગ ટેકારૂપ છે. આ પ્રયોગના સેવનથી શરીરમાં શકિત, સ્ફૂર્તિ, તેમજ તાજગી આવે છે.

૬. સિક્કો અથવા સિક્કા જેવી ચીજો ગળી જવાય ત્યારે
તેના ઉપર એક–બે નરમ કેળાં ખાઈને બાર કલાક પછી જુલાબ લેવાથી જુલાબ વાટે તે નીકળી જાય છે. ૭. વીંછીની દવા : સાદું મીઠું પચાસ ગ્રામ લઈ, સો ગ્રામ પાણીમાં નાખીને હલાવવું. તેને બે દિવસ રાખીને પછી સ્વચ્છ જાડા કપડાથી ગાળી શીશી ભરી લેવી. પછી શરીરના જે ભાગમાં વીંછી કરડયો હોય તેનાથી વિરૂદ્ધ ભાગના કાનમાં આ મિશ્રણના બે પાંચ ટીપાં નાખવાં. આથી થોડીવારમાં જ રડતો દર્દી હસતો થાય છે.


# વિશ્વનું અજબગજબ જાણો

– સૌથી વધુ (૧૬) આંતરરાષ્ટ્રીય સરહદો ચીનને છે. મોંગોલિયા, રશિયા, ઉત્તર કોરિયા, હોંગકોંગ, મકાઉ, વિયેતનામ, લાઓસ, મ્યાનમાર (બ્રહ્મદેશ), ભારત, નેપાળ, ભુતાન, પાકિસ્તાન, અફઘાનિસ્તાન, તાજિકિસ્તાન, કિર્ગિસ્તાન અને કઝાખસ્તાનને તેની કુલ ૨૪,૦૦૦ કિલોમીટર લાંબી સરહદ મળે છે ! – એક સમયે સોવિયેત રશિયા જગતનો મોટામાં મોટો દેશ ગણાતો હતો. પૃથ્વીની ૧૫% જમીન પર તેણે રોકી હતી. ૧૯૯૧માં સોવિયેત સંઘના ૧૫ ટુકડા થયા, જેમાંનો એક ટુકડો રશિયા છે. આજે રશિયા જગતનો મોટામાં મોટો દેશ ગણાય છે. પૃથ્વીની ૧૧.૫% જમીન પર તે પથરાયેલો છે. (ક્ષેત્રફળ ૧૭૦ લાખ ચોરસ કિલોમીટર છે). મતલબ એ થયો કે બાકીના ૧૪ સોવિયેત દેશોને ફકત ૩.૫% જમીન મળી.– સૌથી નાનો દેશ એટલે ખ્રિસ્તી ધર્મના વડા ધર્મગુરૂ પોપ જયાં બિરાજે એ વેટિકન સીટી. ઈટાલિના રોમ નગરમાં આવેલા વેટિકનનું ક્ષેત્રફળ પૂરૂ ૧૧૦ એકર પણ નથી, જયારે વસ્તી માંડ ૮૪૦ જેટલી છે. આમ છતાં તે સ્વતંત્ર દેશ ગણાય છે. – કોઈ પણ બે દેશોને જુદા પાડતી લાંબામાં લાંબી સરહદ અમેરિકા તેમજ કેનેડા વચ્ચે છે–૬,૪૧૬ કિલોમીટર લાંબી ! કેનેડાની ઉત્તર–પશ્ચિમે વળી પાછું અમેરિકાનું અલાસ્કા રાજય છે. કેનેડા સાથેતેને બીજી ૨,૫૪૭ કિલોમીટર લાંબી સરહદ છે. અમેરિકા–કેનેડાવચ્ચેસરહદનીલંબાઈનો સરવાળો એ રીતે ૮,૯૬૩ કિલોમીટર થાય છે. – માણસની જેમ દેશો પણ વધુ–ઓછી ઊંચાઈના હોય છે. એક સરસ દાખલો આફ્રિકાના લેસોથો દેશનો છે, જેની નીચામાં નીચી ભૂસપાટી પણ સમુદ્રસપાટી કરતાં ૧,૩૮૦ મીટર (૪,૫૩૦ ફીટ) ઊંચી છે. આખો દેશ જાણે કે હિલ સ્ટેશન ! એ જ રીતે બટુકજી દેશોમાં પહેલો નંબર માલદીવનો આવે, કેમ કે ત્યાં ઊંચામાં ઊંચી જગ્યા પણ સમુદ્રસપાટીના હિસાબે ફકત ૨.૪૩ મીટર (૮ ફીટ) ઊંચી છે ! ગ્લોબલ વોર્મિંગને લીધે જગતનાં સમુદ્રોની જળસપાટી ઊંચે ચડી રહી છે, માટે વર્ષો પછી આખો માલદીવ ટાપુ હિંદી મહાસાગરમાં ડૂબી જવાનો છે.


# આ મારું ચિત્ર છે




દાફડા જાનવી જયંતીભાઈ
(ધોરણ–૭, રૂપાયતન પ્રા.શાળા)




પાટણવાડિયા નીવી એલ.
(ધોરણ –૮, ગોઠાવદર પ્રાથમિક શાળા )



ડાંગર અજય મનુભાઈ
(ધો.પ્રાથમિક શાળા ટીંબલા)



દાફડા જાનવી જયંતીભાઈ
(ધોરણ–૭, રૂપાયતન પ્રા.શાળા)

# બવાડી પ્રાથમિક શાળાના બાળ વૈજ્ઞાનિકોએ રાજય કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં ભાગ લીધો






શિક્ષણ વિભાગ ગુજરાત રાજય ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ગાંધીનગર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન વલસાડ જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી કચેરી અને શ્રીમદ રાજચંદ્ર ગુરૂકુળ કરંજવેલીના સંયુકત ઉપક્રમે તારીખ ૨ થી ૫ ફેબ્રુઆરી ૨૦૨૫ દરમિયાન રાજયકક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન આયોજન થયું હતું જેમાં બવાડી પ્રાથમિક શાળા તાલુકો લીલીયા જીલ્લો અમરેલીના બાળ વૈજ્ઞાનિકો ૧. ચાંદુ આદિત્ય ચાપરાજભાઈ ૨. ડામોર લક્ષ્મણ વેલજીભાઈએ સ્માર્ટ હોસ્પિટલની કૃતિ રાજય કક્ષાએ પ્રથમ વિભાગમાં પ્રદર્શિત કરેલી હતી. માર્ગદર્શક દવે વરૂણકુમાર અતુલભાઈ ગણિત વિજ્ઞાન શિક્ષક બવાડી પ્રાથમિક શાળાના માર્ગદર્શન હેઠળ કૃતિ તૈયાર કરવામાં આવેલી હતી. બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનનું ઉદ્દઘાટન તારીખ ૩ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ માનનીય શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ મનસુખભાઈ ડીંડોરના વરદ હસ્તે કરવામાં આવેલું આપણા ગુજરાત રાજયના બાળકો જ્ઞાન અને વિજ્ઞાનના ક્ષેત્રમાં પોતાની પ્રતિભાથી સમગ્ર ગુજરાતમાં આગવી ઓળખ ઊભી કરી રહ્યા છે ત્યારે બવાડી પ્રાથમિક શાળાના બાળકોમાં રહેલી પ્રતિભાને વિશેષ વેગ મળે તેવા શુભ આશરેથી ગુજરાત સરકારના અને શિક્ષણ વિભાગના નવતર પ્રયોગ અને નવીન શૈક્ષણિક પરંપરાઓના અમલ કરવામાં આવેલ હતો. રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦માં પણ વિજ્ઞાન અને અન્ય સહ અભ્યાસિક પ્રવૃત્તિને ભલામણો થયેલી છે આ બાળ વૈજ્ઞાનિક પ્રદૂષણમાં બાળ વૈજ્ઞાનિકો દ્વારા એને. ઈ .પી .અપેક્ષા અનુસાર વૈજ્ઞાનિક સાક્ષરતાના વિકાસ હેતુથી એન.સી.ઈ.આર.ટી.ની માર્ગદર્શિકા અનુસાર આ પ્રદર્શનના બાળ વૈજ્ઞાનિકોને પ્રોત્સાહિત કરવા શિક્ષણ મંત્રી તથા એન. સી .આર. ઈ . આર.– ન્યુ દિલ્હીના ફેકલ્ટીના ડો. જરેન્દ્રાઈ મેડમ અને જીસીઈઆરટી ગાંધીનગર ના સચિવ શ્રી અને નિયામકશ્રી એ પણ સ્ટોલની મુલાકાત લીધેલી હતી અને બાળ વૈજ્ઞાનિકોને પ્રોત્સાહિત કરેલા હતા. આ બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનને નિહાળવા માટે વલસાડ જિલ્લાની જુદી જુદી શાળાઓના બાળકોએ ખૂબ જ સરસ વૈજ્ઞાનિક દ્રષ્ટિ કોણ વિકસે તે માટે પ્રશ્નોત્તરી દ્વારા માર્ગદર્શન મેળવેલું હતું સમગ્ર પ્રદર્શનના આયોજનમાં સ્ટેટ– કોર્ડીનેટર જી.સી.ઇ.આર.ટી અને જિલ્લા શિક્ષણા ભવન વલસાડ જિલ્લા શિક્ષણ કચેરી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીની કચેરી અને શ્રીમદ રાજચંદ્ર ગુઢકુળના કરંજવેલી મુકામે સુંદર આયોજન કરવામાં આવેલું હતું. તમામ જિલ્લામાંથી આવેલા બાળ વૈજ્ઞાનિકો અને માર્ગદર્શક શિક્ષકોને રહેવાની તથા અન્ય તમામ વ્યવસ્થા ખૂબ જ સુંદર રીતે કરવામાં આવેલી હતી આ પ્રદર્શનમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલીના વિજ્ઞાન સલાહકાર ૧. ચાંપાનેરી નિલેશભાઈ પ્રાચાર્ય ડાયેટ અમરેલી ૨. મહેતા રાજેશભાઈ વિજ્ઞાન સલાહકાર અને નિર્ણાયક પણ ખૂબ જ માર્ગદર્શન આપેલું હતું. એન.ઈ.પી. ૨૦૨૦ અમલીકરણ ૨૦૩૦ સુધીમાં એ લક્ષણ કો હાંસલ કરવા માટે ગુજરાત સરકાર દ્વારા પ્રયાસો થઈ રહ્યા છે તેમાં મૂલ્યોને ઉજાગર કરવાની વાત પણ આ ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં કરવામાં આવેલી હતી સાથે પ્રદર્શનમાં ભાગ લઈ રહેલા બાળ વૈજ્ઞાનિકો અને માર્ગદર્શક શિક્ષકો માટે સાયન્સ સેન્ટર ધરમપુર અને થી લેડી વિલ્સન મ્યુઝિયમની મુલાકાતનો પણ આયોજન કરવામાં આવેલું હતું આ સાથે આકાશદર્શન અને સાંસ્કૃતિક કાર્યક્રમનું સુંદર આયોજન કરેલ હતું ખૂબ જ સરસ રીતે આ કાર્યક્રમ સફળ બનાવવામાં આવેલો હતો તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## દેશી ગાયનું મહત્વ અને ભવિષ્ય માટે જરૂરી પગલાં લેવા જરૂરી : ડો. ગિરીશ શાહ



અમરેલી, તા. ૭

બ્રાઝિલમાં ભારતીય ગાયની ઊંચી કિંમત અને તેની મહત્વતા અંગે ચર્ચા થઈ રહી છે. વિશ્વભરમાં ભારતીય દેશી ગાયની ગુણવત્તા અને વૈજ્ઞાનિક રીતે સાબિત થયેલા આરોગ્યલક્ષી ફાયદાઓ ઓળખાઈ રહ્યા છે. છતાં, આપણે આપણા વારસાને બચાવવા માટે કેટલાંક મહત્વના પ્રશ્નો ઉઠાવવાના છે –વિદેશી ગાયોનો પ્રવેશ શા માટે થયો?

૧૯૬૦–૭૦ ના દાયકાની કૃષિ અને પશુપાલન નીતિઓ હેઠળ 'ઊંચી દૂધ ઉત્પાદન ક્ષમતા ધરાવતી વિદેશી ગાયો (જર્સી અને હોલસ્ટીન) ને પ્રોત્સાહન મળ્યું.તે સમયના લોકોએ માત્ર દૂધ ઉત્પાદનને પ્રયાનમાં લઈને ભારતીય દેશી ગાયની ગુણવત્તા અને આરોગ્યલક્ષી ફાયદાઓને અવગણ્યા, વિદેશી ગાયો વધુ દૂધ આપે છે, પણ તે તાપમાન સહન કરી શકતી નથી, ઘણી બીમારીઓનો શિકાર બને છે અને તેના દૂધની ગુણવત્તા પણ દેશી ગાયની સરખામણીએ ઓછી હોય છે. બીજો પ્રશ્ન એ છે કે ભારતીય બળવાન બળદને અવગણીને 'સેક્સ–સાર્ટેડ બીજ શા માટે અપનાવવામાં આવ્યું?આ પ્રણાલીનો અમલ દૂધ ઉત્પાદન વધારવા માટે કરવામાં આવ્યો હતો.સરકાર અને સંશોધકો દ્વારા એવો દાવો કરવામાં આવ્યો કે સ્ત્રી વાછરડાં વધારે થશે તો દૂધઉત્પાદન વધશે.આ રીતથી પ્રાકૃતિક પ્રજનન વ્યવસ્થા બગડી ગઈ, ભારતીય ગાયની મૂળ શ્રેણીનું ક્ષય થવા લાગ્યું.ભારતીય પશુપાલન વિદેશી પ્રભાવ હેઠળ કેમ આવ્યું ? બહુનજીવી કંપનીઓ, વિદેશી સંસ્થાઓ અને નીતિ–નિર્માતાઓએ ભારતીય પશુપાલનમાં વિદેશી દખલ વધાર્યો.ભારતીય પશુપાલકોને આધુનિકતા અને વાણિજયીકરણના નામે વિદેશી પદ્ધતિઓ અપનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા પશુઆહાર, ડેરી ઉત્પાદન અને પશુપાલન સંશોધનમાં વિદેશી પદ્ધતિઓ અપનાવવાને કારણે ભારતીય ગાયો માટે નુકસાનકારક સ્થિતિ ઉભી થઈ ગાયનાં સંવર્ધન અને સંરક્ષણ માટે ભવિષ્યમાં વિવિધ પગલાં લેવા જોઈએ : દેશી ગાયનું મહત્વ વૈજ્ઞાનિક રીતે સાબિત થઈ ગયું છે, હવે તેના જતન અને પ્રજનન માટે વિશાળ પ્રચાર–પ્રસાર થવો જોઈએ.દરેક રાજય સરકારે દેશી ગાયના જતન માટે વિશેષ યોજના ઘડવી જોઈએ, જે ફક્ત દેશી ગાયના પ્રજનનને પ્રોત્સાહન આપે.બળદ(સાંઢ) સંવર્ધન કેન્દ્ર શરૂ કરવાથી ભારતીય ગાયોની મૂળશ્રેણી જળવાશે.સેક્સ–સાર્ટેડ બીજ અને વિદેશી ગાયો (જર્સી/હોલસ્ટીન) ના પ્રસારને અટકાવવા માટે વિશેષ રાષ્ટ્રીય નીતિ આવશ્યક છે.દેશી ગાયના દૂધ, ગેમૂત્ર અને ગેઉત્પાદનોના વૈજ્ઞાનિક લાભો અંગે સજાગતા વધારવી જોઈએ. બ્રાઝિલે ૫૦ વર્ષ પહેલાભારતમાંથી ગાય અને બળદ ખરીદ્યા હતા, આજે તેમની કિંમત ૪૦ કરોડ સુધી પહોંચી ગઈ છે. વિદેશીઓ આપણા મૂલ્યો અપનાવી રહ્યા છે, અને આપણે જ તેમને અવગણી રહ્યા છીએ.હવે આ દશ્ય બદલવું પડશે. દેશી ગાયનું પુનર્જીવન માટે રાજય અને કેન્દ્ર સરકાર મળીને જરૂરી પગલા લે તે આવશ્યક છે. બ્રાઝિલમાં ભારતીય ગાયની ઊંચી કિંમતે આ ચર્ચાને નવી દિશા આપી છે, જે દેશી ગાયના સંવર્ધન અને સંરક્ષણ માટે મજબૂત પગલાં ભરવામાં સહાયરૂપ થશે.

**ડો.ગિરિશ જયંતિલાલ શાહ**
**સભ્ય, એનિમલ વેલ્ફેર બોર્ડ**
**મેનેજીંગ ટ્રસ્ટી : સમસ્ત**

## જિલ્લા ચૂંટણી અધિકારીનો આદેશ
## આગામી ૧૬ ફેબુઆરીએ મતદાન માટે સવેતન રજા આપો

**પાલિકા–પંચાયત માટે મતદાન યોજાશે**

અમરેલી, તા. ૭

ગુજરાત રાજય ચૂંટણી આયોગ દ્વારા અમરેલી જિલ્લાની ધારી તાલુકા પંચાયતની ૧૪–મીઠાપુર ડુંગરી, બાબરા તાલુકા પંચાયતની ૧૦–કરિયાણા, બગસરા તાલુકા પંચાયતની ૧૬–જૂના વાઘણીયા મતદાર મંડળની બેઠક પર તથા જાફરાબાદ, ચલાલા, લાઠી તથા રાજુલા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી, દામનગર નગર પાલિકા(વોર્ડ નં.૨ તથા ૩), અમરેલી નગર પાલિકા (વોર્ડ નં.૫ તથા ૭) તથા સાવરકુંડલા નગર પાલિકા (વોર્ડ નં.૩)ની પેટા ચૂંટણી કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. આ પૈકી બાબરા તાલુકા પંચાયતના ૧૦–કરિયાણા મતદાર મંડળ તથા બગસરા તાલુકા પંચાયતના ૧૬–જૂના વાઘણીયા મતદાર મંડળની બેઠકો ખાલી છે. આ સિવાયના અન્ય વોર્ડ/બેઠકોની ચૂંટણીઓ અન્વયે તા.૧૬/૨/૨૫ના રોજ મતદાન થશે.

ભારત સરકારના પર્સોનલ મંત્રાલયના ઓફિસ મેમોરેન્ડરની માર્ગદર્શિકા મુજબ કેન્દ્ર સરકારની કચેરીઓમાં કામ કરતા કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે, મત આપી શકે તે હેતુસર કચેરી સંસ્થામાં મતદાન તા.૧૬ ફેબ્રુઆરી, ૨૫ના દિવસે મોડાં આવવા અથવા વહેલા જવા દેવા કે મત આપવા માટેના સમય પૂરતી સવેતન રજા આપવા જણાવવામાં આવ્યું છે.

જિલ્લા, તાલુકા પંચાયતો તેમજ નગરપાલિકાઓની સામાન્ય પેટા ચૂંટણીઓ માટે ચૂંટણીઓના મતદાનના દિવસે જાહેર રજા ન હોય તો સ્થાનિક રજા જાહેર કરવાની સત્તા અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરને આપવામાં આવી છે.

અમરેલી જિલ્લાની ધારી તાલુકા પંચાયતની ૧૪–મીઠાપુર ડુંગરી મતદાર મંડળની બેઠકના ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તથા જાફરાબાદ, ચલાલા, લાઠી તથા રાજુલા નગરપાલિકા, દામનગર ન.પા. (વોર્ડ નં.૨ તથા ૩), અમરેલી ન.પા(વોર્ડ નં.૫ તથા ૭) તથા સાવરકુંડલા ન.પા. (વોર્ડ ન. ૩)ના ચૂંટણી હેઠળના વિસ્તારોમાં કામ કરતા કેન્દ્ર, રાજય સરકારની કચેરી–સંસ્થાના કર્મચારીઓ, સહકારી, ખાનગી ક્ષેત્ર, બોર્ડ નિગમની કચેરીઓમાં કામ કરતા કર્મચારીઓ, કામદારોને તેમજ દુકાન, વાણિજય સંસ્થાઓ, હોટલો, ઔદ્યોગિક એકમો, કારખાનાઓ, હોસ્પિટલોના કર્મચારી કામદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે મત આપી શકે તે હેતુસર તા.૧૬/૨/૨૫ના રોજ નોકરીના સ્થળે મોડા આવવા અથવા વહેલા જવા દેવા અથવા મત આપવા માટેના સમય પૂરતી સવેતન રજા આપવા અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર દ્વારા હુકમ કરવામાં આવ્યો છે. જે નાગરિકો ઉકત વિસ્તારો સિવાય અન્યત્ર નોકરી કરતા હોય પરંતુ તેઓ સદરહુ ચૂંટણી હેઠળના વિસ્તારોના મતદાર હોય તેમને પણ મતાધિકારનો ઉપયોગ કરવા માટે પણ આ અંગેની કાર્યવાહી કરવાની રહેશે, તેમ અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરએ એક અખબારી યાદીમાં જણાવ્યુ છે.

## રાજુલામાં સુરક્ષા સેતુ સોસયટી અંતર્ગત ''હમ હોંગે કામયાબ'' કાર્યક્રમ યોજાયો




રાજુલા, તા. ૭

ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષાઓ ખૂબ જ નજીક હોય ત્યારે પરીક્ષાઓ નજીક આવતા આજના સમયમાં વિદ્યાર્થીઓ ભૂબજ ચિંતામાં તેમજ ટેન્શનમાં રહેતા હોય ત્યારે ભાર વગરના ભણતરમાં વિદ્યાર્થીઓ પરીક્ષા સમયે ડર તેમજ ગભરાટમાં પોતાની માનસિક સ્થિતિ ગુમાવી ના બેસે તે અને પરિક્ષા સમયે પોતાની ક્ષમતા મુજબ પરિણામ લાવી શકતા નથી આથી આવા વિદ્યાર્થીઓને પરીક્ષાની પૂર્વતૈયારી માટે શું કરવું જોઈએ ? તે અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવા માટે ''સુરક્ષા સેતુ સોસયટી અમરેલી જિલ્લા'' અંતર્ગત 'હમ હોંગે કામયાબ' કાર્યક્રમનું આયોજન રાજુલાની ટી.જે.બી. એસ. ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે રાખવામાં આવેલ જેમાં રાજુલા પોલીસ સ્ટેશન પી.આઇ વી. એમ. કોલાદરા તથા જાફરાબાદ પી.આઇ. જે. આર. ભાસ્કનની હાજરીમાં આયોજન આ આયોજન કરવામાં આવેલ આ કાર્યક્રમમાં મોટીવેશન સ્પીકર તરીકે અર્જુન દવે વિદ્યાર્થીઓને ખૂબ જ પ્રોત્સાહિત કરેલા સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના સમગ્ર સ્ટાફ દ્વારા સુંદર વ્યવસ્થાઓ કરવામાં આવેલી.

## સારહી યુથ કલબ ઓફ સંચાલીત
## અમરેલીમાં કાર્યરત સારહી પેથોલોજી લેબોરેટરીનો ચોથા વર્ષમાં પ્રવેશ

**સંસ્થાના પ્રમુખ મુકેશ સંઘાણીના આગેવાનીમાં અવિરત સેવાકાર્ય**



અમરેલી, તા. ૭

માંદગીના વખતમાં તેમની સારવાર માટે લેબોરેટરીની જરૂરીયાત હોય તેવા સમયે લોકોને આર્થીક રીતે મદદરૂપ થવા માટે સારહી યુથ કલબ ઓફ અમરેલીનાં પ્રમુખ મુકેશ સંઘાણી દ્વારા નાગનાથ મંદિરની બાજુમાં દર્દીનરાયણની સેવા કરવાનાં શુભઆશયથી શરૂ કરવામાં આવેલી સારહી પેથોલોજી લેબોરેટરી આજે સેવાના ત્રણ વર્ષ પૂર્ણ કરી ચોથા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહી છે. સારહી યુથ ક્લબ અનેકવિધ સેવા કાર્ય કરી લોકોને હર હંમેશ મદદ કરવા તત્પર હોય છે. તેમા આ લેબોરેટરીનાં માધ્યમથી વર્ષ:૨૦૨૨માં ૩૫૬૫ દર્દીઓને રૂ.૨૦૭૯૯૮૫/–, વર્ષ:૨૦૨૩ માં ૬૮૦૪ દર્દીઓને રૂ.૧૭૯૨૬૭૩/–. વર્ષ:૨૦૨૪માં ૭૦૬૪ દર્દીઓને રૂ.૧૮૦૭૧૯૩/–, કુલ ૧૭૪૩૩ દર્દીઓને રૂ.૫૬૭૯૮૫૧/– ની રાહત મેળવી છે. અને તેના પર રોગરૂપી આવેલા દુ:ખમાં સારહી યુથ ક્લબ ઓફ અમરેલી સહભાગી બની છે. અને ભવિષ્યમાં પણ બનશે. તેમ સંસ્થાના ખજાનચી સુરેશ શેખવાની યાદી જણાવે છે.

## દાતા, ધારાસભ્ય સહિતની ઉપસ્થિતિમાં
## દામનગર : ભાલવાવ શાળામાં ઉચ્ચતર માધ્યમિક શાળા બનાવનારનું સન્માન કરાયુ

**સજ્જન વ્યક્તિ ફળ અને છાંયો બંને આપે છે : પરિબાપુ**




દામનગર, તા. ૭

દામનગરનાં ભાલવાવ ગામના વતનનાં રતન ઉદારદિલ દાતા કાનજીભાઈ ઝવેરભાઈ વિરાણી પરિવારની સખાવત ભાલવાવ ગામે ભાલતીર્થ કેળવણી મંડળ સંચાલિત ઉતર બુનિયાદી માધ્યમિક શાળા ભાલવાવ શાળા કેમ્પસ ખાતે ભાલવાવનાં વતની કાનજીભાઈ ઝવેરભાઈ વિરાણી એ શાળામાં નવા ઉચ્ચતર માધ્યમિક વિભાગનાં મકાન માટે ચાર રૂમ બનાવવા માટે માતબર રકમ અમૂલ્ય દાન આપી વતનનું ઋણ ચૂકવતા દાતા પરિવારનું અભિવાદન કરતા અમરેલી જિલ્લા શિક્ષણાધિકારી મનોહરસિંહ ગોહિલ, ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, લાઠી તાલુકા પંચાયત પ્રમુખ મધુભાઈ નવાપરા, તાલુકા પંચાયત સદસ્ય નરેશભાઈ ડોંડા સહિતના અગ્રણીઓ ભાલવાવ ગામના સરપંચ ભાલતીર્થ મંડળના પ્રમુખ ધીરૂભાઈ વિરાણી ગુજરાત રાજયના પૂર્વ શિક્ષણ ચેરમેન નિયામક મનસુખપરી બાપુ સમગ્ર શાળા પરિવાર ટ્રસ્ટીઓની ઉપસ્થિતિમાં માતૃ શાતુંબેન જવેરભાઈ વિરાણી ઉચ્ચતર માધ્યમિક શાળા ભવનનું ખાતમહુર્ત કરાયું સમગ્ર પંથકમાં કેળવણી ક્ષેત્રે અદબથી યાદ કરતી સંસ્થા પરિસરમાં દાતા પરિવારની ઉદાર સખાવતથી ખૂબ ખુશી વ્યકત કરતા અગ્રણી દોરો પરોવેલી સોયા ખોવાતી નથી તેમ જ્ઞાની વ્યકિત જગતમાં ભૂલો પડતો નથી સમગ્ર વિસ્તાર ના આવતા ભવિષ્યના વિદ્યાર્થીઓનું ઘડતર કરનારી સંસ્થામાં માદરે વતનમાં કેળવણીની ચિંતા કરનાર વિરાણી પરિવારની ઉદાર સખાવતથી નિર્માણ થનાર ઉચ્ચતર માધ્યમિક ભવન ખાતમહુર્તમાં પધારેલ અસંખ્ય અગ્રણીઓ કેળવણી રત્નોએ ખૂબ ખુશી વ્યકિત કરી દાતા પરિવાર પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી હતી.

## દામનગર ખાતે ત્રિદિવસીય દેવાલયનો પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

દામનગર, તા. ૭

દામનગર શહેરમાં જૈન વણીક ગાંધી પરિવાર દ્વારા નિર્માણ વિવિધ દેવાલયનો શનિવારથી ત્રિદિવસીય પ્રતિષ્ઠા મહોત્સવનો શનિવાર થી પ્રારંભ વિક્રમ સંવત ૨૦૮૧ મહા સુદ ૧૧/૧૨/૧૩ તા.૮/૨/૨૫ થી ૧૦/૨/૨૫ સુધી વિવિધ કાર્યક્રમોની રંગારંગ ઉજવણી નયન રમ્ય મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવના ધાર્મિક કાર્યકમો દેહશુદ્ધિ નગરયાત્રા ધાન્યધીવાસ મહા અભિષેક જલાધીવાસ ધૃતાધીવાસ શયાધીવાસ મૂર્તિપ્રતિષ્ઠા શ્રીફળ હોમ મહા આરતી મહાયજ્ઞના આચાર્ય નયન જોશી શાસ્ત્રી મહેશ પંડયાના વ્યાસાસને ત્રિદિવસીય અખંડ યજ્ઞ આહુતિ આપશે સમસ્ત ગાંધી પરિવારના પુત્ર રત્નો જતીનભાઈ ગાંધી, દામનગર કેતનભાઈ ગાંધી, પુત્રના દેવાંગભાઈ ગાંધી, રાજકોટ સતિષભાઈ ગાંધી, બોરીવલી દિલીપભાઈ ગાંધી, અમદાવાદ સાહિલ ગાંધી, કાંદિવલી દિલીપભાઈ ગાંધી, કાંદિવલી યજ્ઞમાં આહુતિ આપશે શંખલપુર શકિતપીઠના પ્રખ્યાત બહુચરાજી માતાજીના આનંદ ગરબાનું અદભુત આયોજન નૂતન મંદિર પ્રતિષ્ઠા મંદિરમાં સ્થાપિત દેવપ્રતિમા આઈ ખોડિયાર માતાજી, સિંધવાય સિકોતર માતાજી, બહુચર માતાજી, હનુમાનજી, ગણપતિ, મેરખિયા વીર, બટુક ભૈરવ સહિતના દેવ દેવીઓની નૂતન મંદિરમાં સ્થાપિત મૂર્તિઓની વેજનાથ નગર સોસાયટીથી પ્રારંભથી નગરયાત્રા શહેરના મુખ્ય રાજમાર્ગો ઉપરથી ખોડિયાર ચોક પધારશે સમસ્ત ગાંધી પરિવારમાં અદમ્ય અનેરો ઉત્સાહ ગાંધી પરિવારના દેવાલયના ત્રિદિવસીય મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવની ભવ્ય ઉજવણી કરાશે.

## બાબરા : તા. ૨૫ ફેબ્રુ એ યોજાશે સ્વાગત ફરિયાદ

અમરેલી, તા. ૭

બાબરા તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ બાબરા તાલુકા મામલતદાર કચેરી ખાતે યોજાશે. તાલુકા કક્ષાના અધિકારવાળા સરકારી બાકી કામો માટે અરજદાર અંગત પ્રશ્નો રજૂ કરવા માંગતા હોય, તે નાગરિકોએ સામૂહિક કે નીતિ વિષયક પ્રશ્નો સિવાયના પ્રશ્નો તા.૧૫ ફેબ્રુઆરી, ૨૫ સુધીમાં બાબરા તાલુકા મામલતદાર કચેરી ખાતે રૂબરૂ અથવા પોસ્ટ મારફતે મોકલવી. અરજીના મથાળે 'તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' અવશ્ય લખવું, તેમ બાબરા તાલુકા મામલતદારએ એક યાદીમાં જણાવ્યું છે.

## રાહુલ ગાંધીનો મોટો આરોપ
## મતદારો વધારીને ગેરરીતિથી મહારાષ્ટ્રની ચૂંટણી જીતી

**અમે મતદારો અને મતદાન યાદીની વિગતોનો અભ્યાસ કર્યો છે, અમારી ટીમો કામ કરી રહી છે અને અમને ઘણી ગેરરીતિઓ મળી છે**

નવી દિલ્હી, તા. ૭

લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી, શિવસેના (UBT) સાંસદ સંજય રાઉત અને NCP-SCP સાંસદ સુપ્રિયા સુલેએ દિલ્હીમાં સંયુક્ત પત્રકાર પરિષદમાં ચૂંટણી પંચ પર પ્રહારો કર્યા છે. રાહુલ ગાંધીએ કહ્યું, 'અમે આ ટેબલ પર મહારાષ્ટ્રમાં છેલ્લી ચૂંટણી લડનારા સમગ્ર વિપક્ષનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છીએ.' અમે ચૂંટણી વિશે કેટલીક માહિતી લાવવાના છીએ. અમે મતદારો અને મતદાન યાદીની વિગતોનો અભ્યાસ કર્યો છે. અમારી ટીમો કામ કરી રહી છે અને અમને ઘણી ગેરરીતિઓ મળી છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે મતદાર યાદીમાં ઘણી ખામીઓ છે. ૫ મહિનામાં ૭ લાખ મતદારો ઉમેરાયા. ચૂંટણી પહેલા આટલા બધા મતદારો કેવી રીતે જોડાયા? ચૂંટણી કમિશનરની ચૂંટણીની પ્રક્રિયામાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. રાહુલ ગાંધીએ કહ્યું, 'વિધાનસભા ચૂંટણી ૨૦૧૯ અને લોકસભા ૨૦૨૪ વચ્ચે ૫ વર્ષમાં ૩૨ લાખ મતદારો ઉમેરાયા.' પરંતુ, લોકસભા ૨૦૨૪ અને વિધાનસભા ચૂંટણી વચ્ચેના ૫ મહિનાના સમયગાળામાં, ૩૯ લાખ મતદારો ઉમેરાયા. પ્રશ્ન એ છે કે આ મતદારો કોણ છે? બીજો મુદ્દો એ છે કે મહારાષ્ટ્રમાં રાજ્યની કુલ મતદાતા વસ્તી કરતા વધુ મતદાતાઓ કેમ છે? કોઈક રીતે, મહારાષ્ટ્રમાં અચાનક મતદારોનું સર્જન થયું છે. રાહુલ ગાંધીએ કહ્યું કે અમે ચૂંટણી પંચને કહી રહ્યા છીએ કે અમને વિસંગતતાઓ મળી રહી છે. અમને મહારાષ્ટ્રના મતદારોના નામ અને સરનામાવાળી મતદાર યાદીની જરૂર છે.

લોકસભાની ચૂંટણી માટે આપણને મતદાર યાદીની જરૂર છે. અમને વિધાનસભા ચૂંટણીની મતદાર યાદીની જરૂર છે કારણ કે અમે સમજવા માંગીએ છીએ કે આ નવા નામ કોણ છે. ઘણા મતદારો એવા છે જેમના નામ કાઢી નાખવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે એક બૂથના મતદારોને બીજા બૂથ પર ખસેડવામાં આવ્યા છે. આમાંના મોટાભાગના મતદારો દલિત સમુદાયો, આદિવાસી સમુદાયો અને લઘુમતી સમુદાયોમાંથી આવે છે. અમે ચૂંટણી પંચને વારંવાર વિનંતી કરી છે.

તેમણે અમને કોઈ જવાબ આપ્યો નથી. વિપક્ષી નેતાએ સંસદ ભવનમાં આ વાત કહી છે. ચૂંટણી પંચે કોઈ જવાબ આપ્યો નથી. હવે, તેઓ જવાબ નથી આપી રહ્યા તેનું એકમાત્ર કારણ એ છે કે તેમણે જે કર્યું છે તેમાં કંઈક ખોટું છે. હું કોઈ આરોપ લગાવી રહ્યો નથી. હું અહીં ડેટા સ્પષ્ટ રીતે રજૂ કરી રહ્યો છું.

## પાલિકાનાં પદાધિકારીઓ અને અધિકારીઓ આળશ ખંખેરે

# પશુ પકડ અને દબાણ હટાવની કામગીરી નિયમિત કરો

**શહેરીજનો સવારથી સાંજ સુધીમાં લાખો રૂપિયાનાં કરવેરા વિવિધ ચીજવસ્તુઓની ખરીદી કરીને ભરી રહ્યા છે**

**પાલિકાનાં શાસકો પણ શહેરીજનોનાં હિતમાં દરરોજ કામગીરી કરે તે જરૂરી છે**

**પાલિકામાં જુદા-જુદા વિભાગનાં કર્મચારીઓની કામગીરીની પણ દરરોજ સમીક્ષા જરૂરી**

**પાલિકાનાં પ્રાદેશિક કમિશનર દ્વારા પણ જરૂરી સુચના આપવામાં આવે તેવી માંગ**



અમરેલી, તા. ૭

અમરેલીએ જિલ્લાનું મુખ્ય શહેર છે અને છતાં પણ શહેરમાં જયાં ત્યાં દબાણ અને રખડતા પશુઓની સમસ્યા એક દાયકા કરતા વધુ સમયથી જોવા મળી રહી છે. પાલિકામાં એક દાયકામાં કોંગ્રેસ અને હવે ભાજપનું શાસન ચાલી રહ્યું છે અને બંને પક્ષોનાં શાસકો શહેરીજનોને દબાણ અને રખડતા પશુઓની સમસ્યાઓમાંથી છુટકારો અપાવી શકયા નથી.

શહેરીજનો સવારથી સાંજ સુધી જીવન જરૂરી દરેક ચીજવસ્તુઓની ખરીદી મારફત સરકારની તિજોરીમાં દરરોજ લાખો રૂપિયા કરવેરા રૂપે જમા

**અનુસંધાન પાના ૬ ઉપર**

### દેવાયતભાઈ વસ્તાભાઈ ભૂંકણ નામના

## રાજુલાનાં ખારી ગામનાં વૃધ્ધનું ઈલેક્ટ્રીક શોર્ટ લાગવાથી મોત

અમરેલી, તા. ૭

રાજુલા તાલુકાના ખારી ગામે રહેતા દેવાતભાઈ વસ્તાભાઈ ભુંકણ નામના ૭૦ વર્ષિય વૃધ્ધને ગત તા. ૨૮/૧ના રોજ સવારના આશરે સાડા આઠેક વાગ્યાના અરસામા ખારી ગામે ગ્રામ પંચાયત સામે પોતાની વાડી પાસે આવેલ ઈલેકટ્રીક ટી.સી. ખાતે કોઈ કારણોસર ઈલેકટ્રીક શોક લાગતા તેમનું મોત થયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### શિયાળાનાં અંતિમ દિવસોમાં ઠંડી વધી

## સાવરકુંડલા પંથકમાં ઠંડા પવનો ફુંકાતા શહેરીજનો ઠંડીથી ધ્રુજી ઉઠયા

**શરદી, ઉધરસ જેવા રોગોએ માથુ ઉંચકયુ**

સાવરકુંડલા, તા. ૭

સાવરકુંડલા શહેર ઠંડા પવનો સાથે ઠંડીમાં ઠુઠવાતાં લોકોને શિયાળાનો અસલી પરિચય થયો. લોકો સવારમાં ગરમ કપડા ટોપા, સ્કાર્ફ, મફલર, ટોપા સાથે કામ કાજે જતા જોવા મળેલ. આમ હજુ બે દિવસ પહેલાં જ ગરમીનો અનુભવ બાદ કાતિલ ઠંડા પવનોએ લોકોને ગરમ કપડાં પહેરીને નીકળતાં જોવા મળેલ. આમ છેલ્લા બે ચાર દિવસોમાં ઠંડી ગરમીની મિક્ષ ઋતુનો અનુભવ થતો જોવા મળેલ. આવા વાતાવરણમાં શરદી, ઉધરસ અને ફલ્યુ જેવી બિમારીઓનું પ્રમાણ વધુ જોવા મળેલ. આમ પણ બદલતી પર્યાવરણીય પેટર્નને કારણે લોકો માંદગીમાં સપડાયેલા જોવા મળેલ.


૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
75,700/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૭/૦૨/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬














*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)